અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ મે ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૧૨ | અંક : ૩૦૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


ભારતે આખે આખી પાકિસ્તાનની ડિફેન્સ સિસ્ટમ જ ઉડાવી દીધી

ભારતના હુમલાઓએ ઘણા HQ-9 લોન્ચર્સ અને સંકળાયેલ રડાર સિસ્ટમ્સને નુકસાન પહોંચાડ્યું, પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને અસર થઈ છે

# પાકિસ્તાનનો ભુજ સહિત ૧૫ શહેરો પર હુમલાનો નિષ્ફળ પ્રયાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

૭ મે, ૨૦૨૫ના રોજ પાકિસ્તાને રાત્રે ગુજરાતના ભૂજ સહિત ભારતના અનેક શહેરો અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જલંધર, લુધિયાણા, અમદાવાદ, ભટિંડા, ચંદીગઢ, નલ, ફલોદી અને ઉત્તરલાઈ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. ભારતીય સેનાએ આ હુમલાને જડબાતોડ જવાબ આપ્યો છે. ઈન્ટિગ્રેટેડ કાઉન્ટર યુએએસ ગ્રિડ અને એર ડિફેન્સ સિસ્ટમે આ હુમલાઓને નિષ્ફળ બનાવી દીધા હતી. બીજા દિવસે સવારે, ભારતીય સેનાએ જવાબી કાર્યવાહી કરી હતી. તેમણે પાકિસ્તાનમાં અનેક સ્થળોએ એર ડિફેન્સ રડાર અને સિસ્ટમ પર હુમલો કર્યો હતો. આ જવાબ પાકિસ્તાનની તીવ્રતા જેટલો જ હતો, પણ ભારતે સ્પષ્ટ કહ્યું કે, "અમે શાંતિ ઈચ્છીએ છીએ, અમારો પ્રતિભાવ ફક્ત સંયમિત છે." ભારતે એ પણ જણાવ્યું કે,



પાકિસ્તાને ભારતીય સેનાના લક્ષ્યોને નિશાન નથી બનાવ્યા, પણ જો ભવિષ્યમાં આવું થશે, તો ભારત યોગ્ય જવાબ આપશે. આ ઘટનાની વચ્ચે, પાકિસ્તાને લાઈન ઓફ કંટ્રોલ (loc) પર મોર્ટાર અને ભારે આર્ટિલરીથી ગોળીબાર વધારી દીધો હતો. કુપવાડા, બારામુલ્લા, ઉરી, પૂંછ, મેંઢર અને રાજૌરી જેવા વિસ્તારોમાં તીવ્ર ગોળીબાર થયો હતો. આ હુમલામાં ૧૬ નિર્દોષ લોકોના જીવ ગયા, જેમાં ત્રણ મહિલાઓ અને પાંચ બાળકોનો સમાવેશ થાય છે. આ ઘટનાએ ભારતને દુઃખી કરી દીધું, પણ ભારતે હજી પણ ધીરજ રાખી હતી. તેમણે પાકિસ્તાનના આ ગોળીબારને રોકવા માટે પ્રતિભાવ આપ્યો અને સ્પષ્ટ કહ્યું કે, "અમે શાંતિ ઈચ્છીએ છીએ, પણ જો પાકિસ્તાને આ રીતે હુમલા ચાલુ રાખ્યા, તો અમે પણ યોગ્ય જવાબ આપીશું."

આ ઘટના દરમિયાન, ભારતે "ઓપરેશન સિંધુર" નામની એક ખાસ કાર્યવાહી હાથ ધરી હતી. ૭ મે, ૨૦૨૫ના રોજ એક પ્રેસ બ્રીફિંગમાં, ભારતે આ ઘટનાઓની વિગતો જાહેર કરી અને વિશ્વને બતાવ્યું કે, તે શાંતિ ઈચ્છે છે, પણ પોતાની સુરક્ષા માટે કડક પગલાં લેવામાં પણ પાછીપાની નહીં કરે. અહેવાલ મુજબ, પાકિસ્તાનમાં હાજર ચીનની HQ-9 મિસાઈલ સિસ્ટમને ભારે નુકસાન થયું છે. ચીનમાં ઉત્પાદિત આ લાંબા અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમને પાકિસ્તાનના બહુ-સ્તરીય સંરક્ષણ નેટવર્કનો મુખ્ય ભાગ માનવામાં આવે છે. ભારતના ચોકસાઈવાળા હુમલાઓએ ઘણા HQ-9 લોન્ચર્સ અને સંકળાયેલ રડાર સિસ્ટમ્સને નુકસાન પહોંચાડ્યું છે, જેના કારણે મુખ્ય આગળના સ્થળોએ પાકિસ્તાનની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓને અસર થઈ છે. પાકિસ્તાને ભારતીય લશ્કરી ઠેકાણાઓ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ભારતે પાકિસ્તાનની રડાર સિસ્ટમનો નાશ કરીને તેના મોટા હુમલાને નિષ્ફળ બનાવ્યો છે. HQ-9 એ ચાઈના પ્રિસિઝન મશીનરી ઈમ્પોર્ટ-એક્સપોર્ટ કોર્પોરેશન (CPMIEC) દ્વારા વિકસિત સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ (SAM) સિસ્ટમ છે. આ મિસાઈલ સિસ્ટમને ચીનની લશ્કરી ટેકનોલોજીનું ઉત્તમ ઉદાહરણ માનવામાં આવે છે અને પાકિસ્તાને તેને ૨૦૨૧ માં તેની સેનામાં સામેલ કરી હતી. પાકિસ્તાને આ સિસ્ટમ અપનાવી, કારણ કે તે ભારતના આધુનિક હવાઈ યુદ્ધ સાધનો વિશે ચિંતિત હતું.

### નાપાક ફાયરિંગમાં ૧૬ ભારતીય નિર્દોશ નાગરિકોના મોત થયા

**ભારતના રાફેલ ફાઇટર જેટ, સુખોઈ Su-30MKI અને બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઇલ જેવા શસ્ત્રો પાકિસ્તાન માટે એક મોટો પડકાર છે. આને ધ્યાનમાં રાખીને, પાકિસ્તાને HQ-9 જેવી સિસ્ટમ પર વિશ્વાસ વ્યક્ત કર્યો, જે હવે ભારતીય હુમલામાં નાશ પામી છે. સરહદ પર ફાયરિંગ સતત થઈ રહ્યું છે. કુપવાડા, બારામુલા, પુંછ, મેંઢર, રાજોરી જેવા ક્ષેત્રમાં પાકિસ્તાને મોર્ટાર અને હેવી આર્ટિલરીથી ગોળીબારી કરી છે. આ નાપાક ફાયરિંગમાં ૧૬ ભારતીય નિર્દોશ નાગરિકોના મોત થયા, જેમાં ત્રણ મહિલાઓ અને પાંચ બાળકો સામેલ છે. ભારતનો સંદેશ સ્પષ્ટ છે કે અમે escalation નથી ઈચ્છતા, પરંતુ જવાબ આપતા આવડે છે. ભારતીય સેનાએ ફરી સ્પષ્ટ કર્યું કે ભારત યુદ્ધ ઈચ્છતું નથી. પરંતુ જો સૈન્ય કેમ્પ કે નાગરિકો પર હુમલા થાય છે તો ભારત જવાબ આપવામાં પાછળ હટશે નહીં. આ કારણ છે કે એલઓસી પર પાકિસ્તાની ગોળા-બારૂદનો જોરદાર જવાબ આપવામાં આવી રહ્યો છે.**

## ન્યૂઝ બ્રિફ

### અમેરિકાએ પોતાના નાગરિકોને કર્યા એલર્ટ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ નોંધપાત્ર રીતે વધી ગયો છે. પાકિસ્તાને દેશના ઘણા શહેરોને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ભારતીય સેનાએ તમામ હુમલાઓને નિષ્ફળ બનાવ્યા. આ દરમિયાન, અમેરિકાએ પાકિસ્તાનમાં હાજર તેના નાગરિકોને એક મહત્વપૂર્ણ સૂચના આપી છે. અમેરિકાએ લાહોર સહિત પાકિસ્તાનમાં હાજર તેના નાગરિકોને તાત્કાલિક પાછા ફરવાનો નિર્દેશ આપ્યો છે. અમેરિકન દૂતાવાસે પાકિસ્તાનમાં હાજર તેના નાગરિકો માટે એક સલાહકાર જારી કર્યો છે.

### ઇલોન મસ્કની સ્ટારલિંકને મળી સરકારની મંજૂરી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સર્વિસ શરૂ કરવા માટે ઈલોન મસ્કની સ્ટારલિંકને સરકારની મંજૂરી મળી ગઈ છે. એક રિપોર્ટ મુજબ સ્ટારલિંકને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિ કોમ્યુનિકેશન દ્વારા લેટર ઓફ ઈન્ટેન્ટ આપી દેવામાં આવ્યો છે. જોકે આ લેટરમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે હજી તેમને ફાઈનલ લાઈસન્સ આપવામાં નથી આવ્યું. એ પરવાનગી ત્યારે જ આપવામાં આવસે ત્યારે લાયસન્સ માટેની તમામ શરતો પૂરી કરવામાં આવશે.

ઓપરેશન સિંદૂર પર જયશંકરે પાકિસ્તાનને આપી ચેતવણી

## ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ જ છે: કિરેન રિજિજુ

**જો આપણા પર કોઈપણ પ્રકારનો લશ્કરી હુમલો થાય છે તો કોઈ ગેરસમજ કે શંકામાં ન રહો : આનો જવાબ અપાશે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સર્વપક્ષીય બેઠકમાંથી બહાર આવતા જ કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ જે નિવેદન આપ્યું તેનાથી પાકિસ્તાનની ચિંતા વધારી દીધી હશે. રિજિજુએ કહ્યું છે કે, 'ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે.' તેના થોડા સમય પછી ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો કે જો આપણા પર કોઈપણ પ્રકારનો લશ્કરી હુમલો થાય છે તો કોઈ ગેરસમજ કે શંકામાં ન રહો. આનો ખૂબ જ કડક જવાબ આપવામાં આવશે. વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીની સામે કહ્યું કે, તમે એવા સમયે ભારત આવ્યા છો જ્યારે અમે ૨૨ એપ્રિલે ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં થયેલા બર્બર હુમલાનો જવાબ




આપી રહ્યા છીએ. આ હુમલાએ અમને ૭ મેના રોજ સરહદ પાર આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરીને જવાબ આપવા માટે મજબૂર કર્યા. જયશંકરનું ઈરાની સમકક્ષને આ ખુલ્લેઆમ માઈકની સામે જાણકારી આપવી મહત્વ પૂર્ણ છે. વિદેશ મંત્રીએ ઈરાનની સાથે-સાથે પાકિસ્તાન અને તેના સહાનુભૂતિ ધરાવતા દેશોને પણ સંદેશ આપ્યો છે. વિદેશ મંત્રીએ કહ્યું કે, અમારો પ્રતિક્રિયા ટાર્ગેટેડ અને માપેલ હતો. અમારો ઈરાદો પરિસ્થિતિ વધુ ખરાબ કરવાનો નથી. આ પછી જયશંકરે કહ્યું કે, જો આપણા પર લશ્કરી હુમલો થાય છે, તો કોઈને શંકા ન હોવી જોઈએ કે તેનો ખૂબ જ કડક જવાબ આપવામાં આવશે. ભારતીય વિદેશ મંત્રીએ સૈયદ અબ્બાસને કહ્યું કે, એક પાડોશી અને નજીકના ભાગીદાર તરીકે આ મહત્વ પૂર્ણ છે કે તમને પરિસ્થિતિની સારી સમજ હોય. આ પહેલા કેન્દ્ર સરકારે ગુરુવારે ઓપરેશન સિંદૂર વિશે જાણકારી આપવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. આ બેઠક અધ્યક્ષતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે કરી હતી. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂરને સફળતાપૂર્વક અંજામ આપીને પાકિસ્તાન અને PoKમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી.

અથડામણમાં ૫ જવાન શહીદ

## છત્તીસગઢના સુકમામાં સુરક્ષા દળોએ ૮ નક્સલોને ઠાર માર્યા

। (એજન્સી) સુકમા, તા.૮ ।

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના જીવ ગયા હતા. જેના જવાબમાં ભારતીય સેનાએ પાકિસ્તાન વિરુદ્ધ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું છે. આ ઓપરેશન અંતગર્ત ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરના ૯ આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલ હુમલા કર્યા હતા. જ્યારે છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે એક્રાઉન્ટરમાં સુરક્ષાદળોએ બે ડિવિઝનલ કમિટીના સદસ્ય સહિત ૮ નક્સલીઓને ઠાર માર્યા છે. સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણમાં તેલંગણાની ગ્રીન ફાયટર ટીમના



૫ જવાનો શહીદ થયા હોવાનું સામે આવ્યું છે. છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ એન્કાઉન્ટર તેલંગણા, છત્તીસગઢ અને મહારાષ્ટ્રની બોર્ડરના સંગમ પર સ્થિત કરીગુટ્ટા પહાડી વિસ્તારમાં થયું હતું. આ ઓપરેશનમાં સુકમા પોલીસ અને અન્ય સુરક્ષાદળો પણ સામેલ હતા. ગુપ્ત માહિતી મળતાની સાથે સુરક્ષાદળો દ્વારા ઓપરેશન હાથ ધરાયું હતું.

રાજ્ય હાઇ એલર્ટ પર

## પંજાબ પોલીસ દ્વારા તમામ અધિકારીઓની રજા રદ કરી

। (એજન્સી) ચંદીગઢ, તા.૮ ।

પાકિસ્તાન અને POKમાં આતંકવાદી છાવણીઓ પર ભારત દ્વારા કરવામાં આવેલા સફળ હવાઈ હુમલા બાદ, પંજાબ પોલીસે એક મોટું પગલું ભર્યું છે અને તેના તમામ અધિકારીઓ અને કર્મચારીઓની રજા તાત્કાલિક અસરથી રદ કરી દીધી છે. પોલીસ વિભાગે સ્પષ્ટતા કરી છે કે સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલા તરીકે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ મંગળવારે મોડી રાત્રે હવાઈ હુમલા દ્વારા પાકિસ્તાન અને POKમાં લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનોના ૯ સ્થળોને નિશાન બનાવ્યા હતા. તેમાં બહાવલપુર, મુરીદકે, ગુલપુર, ભીમ્બર, ચક અમરુ, બાગ, કોટલી, સિયાલકોટ અને મુઝફ્ફરાબાદ જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. બહાવલપુરમાં જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલય અને મુરીદકેમાં લશ્કર-એ-તૈયબાના અડ્ડાને ખાસ નિશાન બનાવવામાં આવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઓપરેશનને 'ઓપરેશન સિંદૂર' નામ આપ્યું. તેમણે તાજેતરની બેઠકોમાં સ્પષ્ટપણે સંકેત આપ્યો હતો કે પહેલગામ હુમલામાં હિન્દુ પુરુષોને નિશાન બનાવવા ભારત માટે અસ્વીકાર્ય છે.

ભારત-બાંગ્લાદેશ સરહદ સીલ

## હિલ્સ અને કછારમાં બે મહિના સુધી રાત્રી કર્ફ્યૂ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતે બાંગ્લાદેશને અડીને આવેલી સરહદો સીલ કરી દીધી છે અને મેઘાલય-આસામના સરહદી વિસ્તારોમાં રાત્રી કર્ફ્યૂ લાગી કરી દીધો છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સે (BSF) ૬ મેના રોજ ચાર બાંગ્લાદેશી નાગરિકોને ઘૂસણખોરી કરતા પકડી પાડ્યા હતા. ત્યારબાદ મેઘાલયના પૂર્વ ખાસી હિલ્સ જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ આર.એમ.કુર્બાહ દ્વારા હિલ્સ જિલ્લામાં કર્ફ્યૂ જાહેર કરી દીધો છે. આ ઉપરાંત કછાર જિલ્લામાં પણ કર્ફ્યૂના આદેશ આપી દેવાયા છે. કુર્બાહે કહ્યું છે કે, જિલ્લામાં બે મહિના સુધી રાત્રી કર્ફ્યૂ લાગુ રહેશે. હિલ્સ જિલ્લાની પાંચ કિલોમીટર સુધીની સરહદ પાસે બે મહિનાનો રાત્રી કર્ફ્યૂ લાગુ કરી દેવાયો છે. જિલ્લા મેજિસ્ટ્રેટે ૮ મે-૨૦૨૫થી આગામી બે મહિના સુધી રાત્રે ૮.૦૦ વાગ્યાથી સવારે ૬.૦૦ વાગ્યા સુધી કર્ફ્યૂ લાગુ કરવાનો નિર્દેશ આપ્યો છે.

ઓપરેશન સિંદૂરઃ કંધાર હાઈજેકનો બદલો લીધો

## પાકિસ્તાની આતંકી અબ્દુલ રઉફ અઝહર માર્યો ગયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

એવું લાગે છે કે આતંકવાદી પર હવે ભારતીય સેના આરપારના મૂડમાં છે. સરકારે કહી દીધુ છે કે ઓપરેશન સિંદૂર હજું ચાલુ છે. આ કડીમાં એક વધુ મોટા આતંકીનું કામ તમામ થઈ ગયું હોવાની ખબરો આવી રહી છે. સૂત્રોના જણાવ્યાં મુજબ કંધાર હાઈજેકમાં સામેલ રહેલો આતંકી અબ્દુલ રઉફ અઝહર ગંભીર રીતે ઘાયલ થયો છે. આ એ જ અબ્દુલ રઉફ અઝહર છે જે પાકિસ્તાનમાં છૂપાયેલો હતો અને છાશવારે ભારત સામે ઝેર ઓકતો હતો. પરંતુ ભારતીય સેનાએ હવે તેનું કામ તમામ કરી દીધુ છે. તેના પર જલદી વધુ અપડેટ આવી શકે છે. મળતી માહિતી મુજબ અબ્દુલ રઉફ અઝહર કમાન્ડર મસૂદ અઝહર જૂથનો છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં એવું પણ કહેવાય છે કે તે મસૂદ અઝહરનો ભાઈ છે. એક રિપોર્ટ મુજબ અઝહર લાંબા સમયથી આતંકી સંગઠન જૈશ એ મોહમ્મદનો બીજો સૌથી મોટો વડો બની બેઠો હતો. તે રિપોર્ટમાં કહેવાયું હતું કે તે મસૂદ અઝહરનો નાનો ભાઈ છે. રઉફને પાકિસ્તાની સેના અને ગુપ્તચર એજન્સી આઈએસઆઈનું પણ લાંબા સમયથી સંરક્ષણ મળેલું હતું. તે રાવલપિંડી સહિત પાકિસ્તાનમાં ખુલ્લેઆમ સક્રિય રહ્યો છે.

'ઓપરેશન સિંદૂર' બાદ

## પાકિસ્તાન દ્વારા લાહોર અને ઇસ્લામાબાદ એરપોર્ટ પર તમામ કોમર્શિયલ ફ્લાઇટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરાયું

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૮ ।

ભારતે બુધવારની રાત્રે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ૯ આતંકવાદી છાવણીઓ પર હવાઈ હુમલા કરીને પહલગામ હુમલાનો બદલો લીધો. ભારતની કાર્યવાહીને કારણે પાકિસ્તાન સરકારે એક મોટું પગલું ભરતા લાહોર અને ઈસ્લામાબાદ એરપોર્ટ પર તમામ કોમર્શિયલ ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. પાકિસ્તાન એરપોર્ટ ઓથોરિટીએ બુધવારે મોડી રાત્રે એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'લાહોર અને ઈસ્લામાબાદ એરપોર્ટ પર તમામ કોમર્શિયલ ફ્લાઈટ્સ માટે દેશનું હવાઈ ક્ષેત્ર બંધ છે. જોકે કરાચી એરપોર્ટ કાર્યરત છે.'ભારતના હુમલા બાદ પાકિસ્તાને ૪૮ કલાક માટે તમામ હવાઈ ટ્રાફિક માટે તેનું એરસ્પેસ બંધ કરવાની જાહેરાત કરી હતી. ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓ પર લશ્કરી હુમલા કરીને ૯૦ જેટલા આતંકવાદીઓને મારી નાખ્યા હતા. ભારતીય હુમલાઓ બાદ, પાકિસ્તાન એરપોર્ટ ઓથોરિટી એ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનને ફરિયાદ કરી.

પાક. આર્મીના વાહનને નિશાન બનાવાયું

## બલૂચ બળવાખોરોએ પાકિસ્તાનમાં કર્યો મોટો હુમલો, સાતના મોત થયા

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૮ ।

એક તરફ ભારતીય સૈન્ય તો બીજી તરફ બલૂચ બળવાખોરો પાકિસ્તાન માટે માથાનો દુઃખાવો બની ગયા છે. ભારતીય સેનાના ઓપરેશન સિંદૂર બાદ બલૂચ બળવાખોરોએ ફરી એકવાર પાકિસ્તાની સેના પર મોટો હુમલો કર્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં બલૂચ બળવાખોરો દ્વારા પાકિસ્તાન સેના પર આ બીજો મોટો હુમલો હતો, જેમાં ૭ સૈનિકો માર્યા ગયાનો દાવો કરવામાં આવ્યો છે.અહેવાલો અનુસાર, આ હુમલો બોલાનના મચ્છ૭કુંડમાં કરવામાં આવ્યો હતો. બલૂચ લિબરેશન આર્મીના સ્પેશિયલ ટેક્ટિકલ ઓપરેશન્સ સ્ક્વોડએ પાકિસ્તાની આર્મીના વાહનને નિશાન બનાવીને હુમલો કર્યો. પાકિસ્તાની સેનાના વાહનને રિમોટનો ઉપયોગ કરીને ઉડાવી દેવામાં આવ્યું. આ હુમલો એવા સમયે કરવામાં આવ્યો હતો, જ્યારે પાકિસ્તાની સેના લશ્કરી કાર્યવાહીની તૈયારી કરી રહી હતી. આ હુમલામાં ૭ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હોવાનું કહેવાય છે. આ પહેલા પણ BLAએ પાકિસ્તાની સેના પર હુમલો કર્યો હતો, જેમાં ઘણાં પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા.

મનજિંદર સિંહે કહ્યું- ૨૫ હજાર શીખો અડગ રહેશે

## પાકિસ્તાની સેનાએ પૂછમાં ગુરુદ્વારા પર કર્યો હુમલો

। (એજન્સી) પૂંછ, તા.૮ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચેની સરહદ પર ગોળીબાર ચાલુ છે. બુધવારે, ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલોથી હુમલો કર્યો. આ હુમલામાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા, જેમાં આતંકવાદી મસૂદ અઝહરના પરિવારના ઘણા સભ્યો અને નજીકના સાથીઓ શામેલ હતા. આ સમય દરમિયાન, ભારતીય સેનાએ અનેક મિસાઈલો છોડી, જેના પછી પાકિસ્તાનમાં અરાજકતા ફેલાઈ ગઈ. ત્યારથી, પાકિસ્તાની સેના દ્વારા ભારત-પાકિસ્તાન સરહદ પર ગોળીબાર અને તોપમારો કરવામાં આવી રહ્યો છે. આવી સ્થિતિમાં ભારતીય સેના પાકિસ્તાનને એ જ ભાષામાં જવાબ આપી રહી છે. આ દરમિયાન, પાકિસ્તાની સેનાએ જમ્મુ-કાશ્મીરના પૂંછમાં ગુરુદ્વારા પર હુમલો કર્યો છે. આ અંગે દિલ્હીના મંત્રી મનજિંદર સિંહ સિરસાએ કહ્યું, ગુરુદ્વારા શ્રી ગુરુ સિંહ સભા પૂંછ પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલાની હું સખત નિંદા કરું છું. પાકિસ્તાન એટલું કાયર છે કે તે આપણા નાગરિકો પર હુમલો કરી રહ્યું છે.

## ઓઢવ પોલીસ ઇકો કારની ચોરી કરતા શખ્સને પકડયો

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

પૂર્વ વિસ્તારમાં ઈકો કાર અને તેના સાયલન્સની ચોરીના અનેક બનાવો બની ચૂક્યા છે ઓઢવ પોલીસે સિગરવા ખાતેથી રાજસ્થાનના શખ્સને ચોરીની નંબર પ્લેટ વગની ઈકો કાર સાથે પકડી પાડયો હતો. પોલીસે હાલ રૂા. ૮.૧૦ લાખની પાંચ ઈકો કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ, સુરત અને મહારાષ્ટ્ર, ધાનેરા, દાંતા સહિતના વિસ્તારમાં ઈકોની ચોરી કરી રૂા. ૮.૧૦ લાખનો મુદ્દામાલ કબજે ઓઢવ પોલીસ પેટ્રોલિગ કરીને વાહન ચેકિંગ કરી રહી હતી આ સમયે સિંગરવા પાસેથી નંબર પ્લેટ વગરની કારને પોલીસે પકડીને તપાસ કરતાં તે ચોરીની હોવાનું બહાર આવ્યું હતું. જેથી પોલીસે રાજસ્થાનના ઝાલોર જિલ્લાના ભીનમાલ તાલુકાના લાખાવાસ ગામના ફિરોજખાન અનવરખાન મુસ્લા (ઉ.વ.૨૭) ધરપકડ કરીને તેની પાસેથી ચોરીની રૂા. ૮, ૧૦,૦૦૦ની પાંચ ઈકો કબજે કરી હતી. પોલીસ તપાસમાં આરોપી અને તેના સાગરિતોએ ભેગા મળી અમદાવાદ મહારાષ્ટ્ર અને ધાનેરા તથા દાંતા સહિતના વિસ્તારમાંથીકુલ ૧૫ ઈકો કારની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી.

## પાક. પર એર સ્ટ્રાઈકના લીધે રાજકોટ, જામનગર, ભૂજ જતી ફ્લાઈટ્સ રદ

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

પાકિસ્તાન પર ભારતની એર સ્ટ્રાઈકના લીધે ભારતની ફલાઈટ્સ પર તેની અસર જોવા મળી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ રાજકોટ, ભુજ, જામનગરની એર ઈન્ડિયાની ઘણી ફલાઈટ્સ રદ થઈ ગઈ છે. તેમજ અમદાવાદ એરપોર્ટથી ભૂજ, જામનગર તરફ જતી ઘણી ફલાઈટ્સ રદ કરી દેવાઈ છે. શ્રીનગર સિવાય ૧૧ એરપોર્ટની કામગીરી બંધ કરી નાખવામાં આવી છે. તો જમ્મુ, શ્રીનગર, લેહ, ચંદીગઢ, બિકાનેર, જોધપુર, રાજકોટ, ધર્મશાલા, અમૃતસર, ભુજ તેમજ જામનગર એરપોર્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેના લીધે હવાઈ મુસાફરી પ્રભાવિત થતી જોવા મળી છે. અમૃતસર અને ચંદીગઢ એરપોર્ટ બંધ કરી નખાયા છે. દિલ્હીથી કુલ ૯૫ ફલાઈટ રદ કરી દેવામાં આવી છે. દિલ્હીથી વિદેશ તરફ જતી ૧૧૩ ફલાઈટ્સ મોડી થઈ છે.એર સ્ટ્રાઈક અંગે એરલાઈન્સ કંપનીઓએ માહિતી આપી છે. એર ઈન્ડિયાએ જણાવ્યું કે, જમ્મુ, શ્રીનગર,લેહ સહિતના ૯ એરપોર્ટ પર જતી ફલાઈટ આજે બપોરે ૧૨ વાગ્યા સુધી રદ કરી દેવામાં આવી છે. તો એરલાઈન્સ કંપનીઓએ ફલાઈટની સ્થિતિ ચકાસ્યા પછી તેમના પેસેન્જરોને ત્યાર પછી જ એરપોર્ટ પર જવાની વિનંતી કરી છે. જે માટે હેલ્પલાઈન નંબરો આપવામાં આવ્યા છે. ભારત દ્વારા પાકિસ્તાનમાં કરાયેલી એરસ્ટ્રાઈકના લીધે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૧૧ જેટલી ફલાઈટ રદ કરી નખાઈ છે. ૭મે ના રોજ ઈન્ડિગો ને એર ઈન્ડિયાની ૧૧ ફલાઈટ્સ રદ કરી દેવાઈ છે. જેના કારણે રાજકોટ એરપોર્ટ પર ૧૫૦૦૦ તો હવાઈ યાત્રા કરતા ૧૭૦૦ જેટલા મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેથી ૩૨૦૦ જેટલા મુસાફરો મુશ્કેલીમાં મુકાયા હોવાનું સામે આવ્યું છે. તો રાજકોટથી મુંબઈ તરફ જતી ૫ ફલાઈટ, દિલ્હી અને પુણે તરફ જતી ૨ અને હૈદરાબાદ અને બેંગ્લોરની ૧ ફલાઈટ રદ કરી નાખવામાં આવી છે.



ભારતીય નૌકાદળને છીછરા પાણીમાં ચાલતું જહાજ મળ્યું.

## ભાવનગરમાં લગ્નમાં રાસ રમતી વખતે યુવતીનું હાર્ટએટેકથી મોત થયું

। (એજન્સી) ભાવનગર, તા.૮ ।

ભાવનગરમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે, જેમાં કતારગામના જ્ઞાનબાગ પાર્ટી પ્લોટ ખાતે લગ્નમાં રાસ રમતી વખતે ૨૭ વર્ષીય પરિણીતાનું અચાનક હાર્ટએટેક આવવાથી મોત નીપજ્યું છે. મૂળ ભાવનગર જિલ્લાના વલ્લભીપુરના વતની અને હાલમાં કતારગામની હરિઓમ મિલની સામે ગોપીનાથ સોસાયટીમાં રહેતા રત્નકલાકાર ચિરાગ જાંબુડીયા તેમના પત્ની હિલોની (ઉં.વ. ૨૭) સાથે રવિવારે રાત્રે એક મિત્રના લગ્ન પ્રસંગે દાંડિયા રાસમાં ગયા હતા. રાસ રમતી વખતે હિલોની અચાનક બેભાન થઈને પડી ગઈ હતી. તાત્કાલિક સારવાર માટે તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

### ૩ દિવસમાં સરેરાશ ૬૨.૨ મિ.મી. વરસાદ નોંધાયો

## ભાવનગરમાં ધોધમાર ૩ ઈંચ, માવઠાંથી તારાજી જેવી સ્થિતિ

। (એજન્સી) ભાવનગર, તા.૮ ।

સમગ્ર ગોહિલવાડમાં સતત ત્રીજા દિવસે આકાશમાંથી આફત વરસી હતી. ભાવનગર શહેરમાં બુધવારે રેડ એલર્ટની આગાહી વચ્ચે સવારથી લઈ બપોર સુધીમાં ધોધમાર ત્રણ ઈંચ કમોસમી વરસાદ વરસ્યો હતો. તો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા અને પવન સાથે અડધોથી બે ઈંચ પાણી પડયું હતું. ત્રણ દિવસથી મેઘરાજાએ જિલ્લાને ધમરોળ્યું હોય, માવઠાંથી તારાજી જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. દરમિયાનમાં આજે ગુરૂવારે પણ જિલ્લામાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. ભાવનગર શહેરમાં મધરાત્રિના સમયે મિની વાવાઝોડા સાથે વરસાદ વરસ્યા બાદ આજે બુધવારે રેડ એલર્ટની આગાહી વચ્ચે વહેલી સવારે આઠ કલાક બાદ મેઘરાજાએ પુનઃ આગમન કરી ધોધમાર વરસાદ વરસાવવાનું શરૂ કર્યું હતું. માત્ર બે કલાકની અંદર જ સવા બે ઈંચ પાણી ખાબકી ગયા બાદ બપોરે ૧૨:૩૦ કલાક સુધી ધીમીગતિએ વધુ એક ઈંચ જેટલો વરસાદ થતાં શહેરમાં કુલ ત્રણ ઈંચ પાણી વરસ્યું હતું.બપોરે બે કલાક બાદ ઉઘાડ નીકળતા શહેરીજનોને ત્રણ દિવસ બાદ સૂર્યનારાયણના દર્શન થયા હતા. ગારિયાધારમાં બપોરે વીજળીના કડાકા-ભડાકા સાથે ૨૪ મિ.મી. વરસાદ ખાબક્યો હતો. તો, તાલુકાના પરવડી, નાની-મોટી વાવડી, પચ્છેગામ સહિતના ગ્રામ્ય પંથકમાં પણ વરસાદના વાવડ છે. જ્યારે ઉપરવાસમાં પણ ધોધમાર વરસાદ થતાં લુવારા ગામ પાસે આવેલી શેત્રુંજી નદીમાં નવા નીરની આવક થઈ હતી. સિહોરમાં સવારથી બપોર સુધીમાં મેઘગર્જના સાથે ધીમીધાર અને ઝાપટાં સ્વરૂપે અડધો ઈંચ વરસાદ બાદ ઉઘાડ નીકળ્યો હતો. જ્યારે, મહુવામાં મંગળવારે સાત ઈંચ વરસાદ બાદ આજે સવારે સાંજે ઝાપટાં સ્વરૂપે ૧૪ મિ.મી.વરસાદ વરસ્યો હતો.વીજ તંત્રની ઘોર બેદરકારીના કારણે સાંજે સુધી ખોરવાયેલો વીજ પુરવઠો પૂર્વવત થયો ન હતો. તો, પાલિતાણામાં સતત ત્રીજા દિવસે ધોધમાર એક ઈંચ વરસાદ બાદ વાદળિયા વાતાવરણ વચ્ચે મેઘરાજાએ ખમૈયા કર્યા હતા. વરસાદના આગમનને પગલે થોડીવાર માટે વીજળી ડૂલ થઈ ગઈ હતી. ઉમરાળામાં સવારે ધીમીધારે અડધો ઈંચ વરસાદ વરસ્યા બાદ આખો દિવસ વરસાદી વાતાવરણ રહ્યું હતું. વલ્લભીપુરમાં પવન સાથે ૧૭ મિ.મી. વરસાદી વરસી જતા બજારમાં રસ્તાઓ ઉપરી પાણી નીકળી ગયા હતા.

## વાવાઝોડાની અસરથી ૭૦ થી ૮૦% કેરીનો પાક ઝાડ પરથી પડી ગયો

। (એજન્સી) મહેસાણા, તા.૮ ।

આ વર્ષે મે મહિનાની શરૂઆતમાં પડેલા કમોસમી વરસાદ અને વધુ પવનના કારણે ધાન્ય, કઠોળ તેમજ બાગાયત પાકમાં ખેડૂતોને મુશ્કેલી પડી રહી છે. મહેસાણા જિલ્લાના બાજીપુરા ગામમાં અંદાજે ૭૦૦ વીઘામાં કેસર કેરીનું વાવેતર છે, પરંતુ વાવાઝોડાની અસરથી ૭૦ થી ૮૦% કેરીનો પાક ઝાડ પરથી પડી ગયો છે, અને ૨૦% પાક હજુ પણ ઝાડ પર છે. જો આવી પરિસ્થિતિ સતત રહેતી હોય તો બાકી રહેલા પાકમાં ફળમાંથી ઈયળ જોવા મળી શકે છે અને માલની ગુણવત્તા પણ બગડી શકે છે. મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના બાજીપુરા ગામમાં છેલ્લા ૩૦ વર્ષથી કેસર કેરી અને ચીકુનું વાવેતર થાય છે. આ વર્ષે ખેડૂતોને કેસર કેરીનું ઉત્પાદન ગયા વર્ષની સરખામણીએ વધુ મળશે એવી આશા હતી. તેથી દેવીપૂજક સમાજના લોકોએ પણ ઊંચી કિંમતે વાડીના ઈજારા રાખ્યા હતા. છેલ્લા બે દિવસથી કમોસમી વરસાદ અને વાવાઝોડાના કારણે તેમની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. આ ઉપરાંત છોડ પર રહેલ કેરીઓમાં રોગ અને જીવાતની શક્યતાઓ ઊભી થઈ છે.

મહેસાણાના વિજાપુર તાલુકાના કુકરવાડા ગામના દેવીપૂજક સમાજના ૪૦ જેટલા ઘરોના લોકો દર વર્ષે બાજીપુરા ગામની આંબાની વાડીઓનું ઈજારો રાખે છે અને પોતાની તથા પરિવારની ગુજરાન ચલાવે છે. આ વર્ષે કેરીમાં ફળ સારો આવ્યો હતો, પરંતુ કુદરતી કહેરને કારણે કેસર કેરી પવનથી ખરી પડી છે અને આંબાની વાડીઓમાં કાચી અને અપરિપક્વ કેરીઓના ઢગલા જોવા મળી રહ્યા છે, જેનાથી માર્કેટ યાર્ડમાં પણ કિંમત સારી મળવાની આશા ઓછી છે. અંદાજે ૭૦ થી ૮૦% પાક ખોટમાં ગયો છે અને ૨૦% પાક હજી પણ છોડ પર છે. વિજાપુરના કુકરવાડા ગામના કનુભાઈ ગાંડાભાઈ દેવીપૂજક, જેમણે છેલ્લા ૧૦ વર્ષથી બાજીપુરા ગામમાં દર વર્ષે આંબાની વાડીનો ઈજારો રાખ્યો છે, તેઓ કહે છે કે "એક આંબામાં અંદાજે ૫થી ૭ મણ જેટલી કેરી આવે છે. આ વર્ષે મેં કુલ ૧૫૦૦ ઝાડનો ઈજારો રાખ્યો હતો, જેમાંથી આ ગામમાં ૩૦૦ ઝાડ રાખ્યા હતા. ફળ પણ સારું આવ્યું હતું, લગભગ ૪થી ૫ લાખ રૂપિયા આ ઈજારા માટે ચૂકવ્યા હતા અને એ સિવાય ૨ લાખ જેટલો ખર્ચ પાણી, દવા અને અન્ય ચીજવસ્તુઓ માટે થયો હતો. હાલ ૭૦% જેટલો માલ ખરી પડ્યો છે અને ૨૦ થી ૩૦% જેટલો પાક ઝાડ પર છે.

### ગયા વર્ષે ૧૮,૦૦,૦૦૦ બોરીની આવક યાર્ડમાં તમાકુની નોંધાઈ હતી

## ઉનાવા માર્કેટ યાર્ડમાં કમોસમી વરસાદના કારણે તમાકુની આવક ઘટી

। (એજન્સી) મહેસાણા, તા.૮ ।

મહેસાણા ઉનાવા માર્કેટ યાર્ડમાં મહેસાણા જિલ્લા અને આજુબાજુના જિલ્લામાંથી તમાકુની આવક આવતી હોય છે, પરંતુ અત્યારે છેલ્લા બે દિવસથી ચાલી રહેલા કમોસમી વરસાદના વાતાવરણના હિસાબે ખેડૂતો માર્કેટ યાર્ડમાં પોતાનો માલ લઈને આવવાનું ટાળી રહ્યા છે. વરસાદ પહેલા અને વરસાદ પછી તમાકુની આવકમાં ૨૦૦૦૦ થી ૩૦,૦૦૦ બોરીની ઘટ નોંધાઈ રહી છે. આજે માર્કેટ યાર્ડમાં તમાકુની ૧૧,૨૨૮ બોરીની આવક નોંધાઈ હતી. મહેસાણા જિલ્લાના ઉનાવામાં આવેલું ઉનાવા માર્કેટ યાર્ડ કે જે તમાકુ માટેનું મોટું માર્કેટ યાર્ડ છે જેમાં અલગ અલગ જિલ્લામાંથી અને મહેસાણા જિલ્લામાંથી ખેડૂતો પોતાના તમાકુનું વેચાણ કરવા માટે આવે છે. દર વર્ષે લાખો બોરી તમાકુની આવક યાર્ડમાં નોંધાય છે, આ ઉપરાંત માર્કેટ યાર્ડમાં દર વર્ષે ખેડૂતોને તમાકુના ભાવ પણ સારા મળી રહે છે, માટે જ ખેડૂતો પોતાના તમાકુનું વેચાણ કરવા માટે ઉનાવા માર્કેટયાર્ડમાં આવે છે.

કમોસમી વરસાદના વાતાવરણના પગલે માર્કેટ યાર્ડમાં તમાકુની ૧૧,૨૨૮ બોરીની આવક થઈ છે, જેના ઊંચા ભાવ ૨૧૫૫ રૂપિયા બોલાયા છે, ભાવમાં પણ ઘટાડો થયો છે. મહેસાણાના ઉનાવા માર્કેટ યાર્ડમાં ખાસ કરીને તમાકુ, એરંડા અને કપાસની મોટા પ્રમાણમાં આવક નોંધાય છે. અત્યારે ઉનાળાની ઋતુમાં તમાકુની કાપણીનો સમય હોવાથી તમાકુની મોટા પ્રમાણમાં આવક યાર્ડમાં નોંધાઈ રહી છે. દર વર્ષે એપ્રિલની શરૂઆતની સાથે જ તમાકુની હરાજી કરવામાં આવે છે. આજે માર્કેટ યાર્ડમાં કમોસમી વરસાદના પગલે તમાકુની આવકમાં ૨૦,૦૦૦ થી લઈને ૩૦,૦૦૦ બોરીની ઘટ ગયા અઠવાડિયા કરતા નોંધાય છે. ગયા વર્ષે ૧૮,૦૦,૦૦૦ બોરીની આવક યાર્ડમાં તમાકુની નોંધાઈ હતી. પાટણ, મહેસાણા, બનાસકાંઠા તેમજ સુરેન્દ્રનગરથી પણ ખેડૂતો અહીં તમાકુનું વેચાણ કરવા આવે છે. આજે માર્કેટ યાર્ડમાં તમાકુની ૧૧,૨૨૮ બોરીની આવક નોંધાઈ હતી, જેના નીચા ભાવ ૧૧૨૫ રૂપિયા પ્રતિ મણ બોલાયા હતા અને ઊંચા ભાવ ૨૧૫૫ રૂપિયા સારી ક્વોલિટી વાળી તમાકુના બોલાયા હતા, ગઈકાલના ભાવ કરતા અંદાજે દોઢસો રૂપિયાનો ઘટાડો આજે નોંધાયો છે.

### ૬૦-૭૦ની ઝડપે પવન ફૂંકાશે

## રાજ્યના ૧૦ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં ભરઉનાળે છેલ્લા ત્રણ-ચાર દિવસથી રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘગર્જના અને પવન ફૂંકાવવાની સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ પડી રહ્યો છે. રાજ્યના અનેક જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે પાણી ભરાયા હતા. જ્યારે માવઠું થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજે બુધવારે અમરેલી અને ભાવનગરમાં રેડ ઍલર્ટ, રાજકોટ, બોટાદ, આણંદ, અમદાવાદ, ભરૂચ, વલસાડમાં ઑરેન્જ એલર્ટ અને જૂનાગઢ, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા, વડોદરા, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યું છે, ત્યારે આગામી ૨૪ કલાકમાં અમદાવાદ, અમરેલી, આણંદ, ભાવનગર, વલસાડ જિલ્લામાં વીજળીના કડાકા અને ૬૦-૭૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. જ્યારે ગુરુવારે ૧૦ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે કમોસમી વરસાદની આગાહી છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગ હજુ માવઠાની આગાહી કરી છે.

**વિશેષ** | લગનકુંડળી જોવો એ પરંપરા છે, પણ થેલેસેમિયા ચકાસણી કરાવવી એ તંદુરસ્ત ભવિષ્ય માટે જરૂરી છે : ડો.જિગીષા પોટોડીયા

# થેલેસેમિયા દર્દીઓ માટે આશાની કિરણ બની સુરતની સિવિલ હોસ્પિટલ







। સુરત ।

૮મી મેના રોજ ઉજવાતા ‘‘વિશ્વ થેલેસેમિયા દિવસ’’ની ઉજવણી માત્ર તહેવાર નથી, પણ તે એક જાગૃતિ અભિયાન છે જે જીવન બચાવનારી માહિતી લોકો સુધી પહોંચાડે છે. સુરતની નવી સિવિલ હોસ્પિટલ આજે થેલેસેમિયા જેવી જીવલેણ બીમારી સામે મજબૂત લડત આપી રહી છે. હાલ સિવિલ હોસ્પિટલમાં ૮૦૦ થેલેસેમિયા દર્દીઓ નોંધાયેલા છે. જેમાથી દર મહિને સરેરાશ ૨૦૦ વધુ દર્દીઓ નિયમિત બ્લડ ટ્રાન્સફ્યુઝન માટે આવે છે. દર્દીઓના જીવનમાં ગુણવત્તાવાળો ફેરફાર લાવવા માટે અહીં દરેક દર્દીને સમયસર રક્ત, લેબ ટેસ્ટ અને સર્જરીનું માર્ગદર્શન મળે છે.નવી સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગના વડા ડો. જિગીષા પોટોડીયાએ જણાવ્યુ કે, ‘‘હિમોગ્લોબિનના ચાર મુખ્ય ચેન - આલ્ફા, બીટા, ડેલ્ટા અને ગામા હોય છે. જો તેમાંની કોઈ એક ચેન અયોગ્ય રીતે કાર્ય કરે છે તો થેલેસેમિયા જેવી બીમારી ઉદભવે છે. ભારતમાં ખાસ કરીને બીટા થેલેસેમિયાનું પ્રમાણ વધુ છે. દરેકને પોતાની લગ્નકુંડળી તપાસાવતી વખતે થેલેસેમિયાની તપાસ પણ જરૂર કરાવવી જોઈએ જેથી આગળના પેઢી માટે આરોગ્યવંતું જીવન સુનિશ્ચિત થઈ શકે.’’ ડો. પોટોડીયાએ ઉમેર્યું કે, ‘‘દર વર્ષે ૧૦ થી ૧૫ હજાર નવા થેલેસેમિયાગ્રસ્ત બાળકો ભારતમાં જન્મે છે. ગુજરાત, રાજસ્થાન અને પંજાબ જેવા રાજ્યોમાં આ બીમારીનું પ્રમાણ વધુ છે. થેલેસેમિયા અંગે જાગૃતિ ફેલાવવાનો આ દિવસ ખૂબ મહત્વનો છે. આ વર્ષે થેલેસેમિયા દિવસની થીમ છેઃ ‘ટુગેધર ફોર થેલેસેમિયા – યુનાઈટ કોમ્યુનિટી, પાયોરોટાઈઝ પેશન્ટ’.’’ જેનો મતલબ થાય છે કે, ચાલો થેલેસેમિયા માટે દરેક સમુદાયના લોકોને ભેગા કરી જાગૃત કરીએ અને દર્દીની સુખાકારીને પ્રાધાન્ય આપીએ નવી સિવિલ હોસ્પિટલના બાળવિભાગના સહ પ્રાધ્યાપિકા ડો.કિર્તી મહેતાએ માહિતી આપી કે, ‘‘અત્યારે નવી સિવિલ હોસ્પિટલમાં કુલ ૮૦૦ થી વધુ થેલેસેમિયા પીડિત દર્દીઓની સારવાર ચાલી રહી છે.તેમાં ૨૨૯ જેટલા બાળકોને નિયમિત રીતે બ્લડ ટ્રાન્સફ્યુઝન, દવાઓ અને જરૂરી ચકાસણીઓ કરવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષમાં ૫૦ થેલેસેમિયા પીડીત દર્દીની સ્પ્લેનેક્ટોમી સર્જરી પણ નિશુલ્ક કરવામાં આવી છે.’’ સિવિલની નિશુલ્ક સારવારથી મોટો સહારો મળ્યોઃ દિવ્યાંશની માતા સિંઘુ પુષ્પા કુસવાલ યુપીના વતની અને હાલ પલસાણા તાલુકાના ગંગાધરા ગામમાં વસવાટ કરતા દીકરા દિવ્યાંશ સાથે સારવાર માટે આવેલા સિંઘુ પુષ્પા કુસવાલે કહ્યું કે, ‘‘દર ૨૦ દિવસે અમારા દીકરાને સારવાર માટે લઈ આવીએ છીએ. નવી સિવિલમાં દર્દી માટે નિશુલ્ક બ્લડ, દવા અને તમામ ચકાસણીઓ ઉપલબ્ધ છે.અહીંની સેવા અને ડોક્ટરોના સાથથી અમારું ભાર ઓછું થયું છે.’’ સત્ય એ છે કે, થેલેસેમિયા માત્ર દર્દીની નહીં પણ સમગ્ર કુટુંબની યાતના છે. આવા સમયમાં નવી સિવિલ હોસ્પિટલ સુરત આશાની કિરણ સમાન સાબિત થાય છે. ડોક્ટરોની સેવા, સરકારે આપેલી નિશુલ્ક સારવાર અને સંવેદનશીલ અભિગમ થકી થેલેસેમિયાથી પીડીત દર્દીઓને નવું જીવન મળ્યું છે. થેલેસેમિયા શું છે?થેલેસેમિયા એક અનુક્રમણિક રક્તરોગ છે જેમાં શરીર પૂરતી માત્રામાં હેમોગ્લોબિન (લોહીનું લાલ પિગ્મેન્ટ) બનાવી શકતું નથી. પરિણામે દર્દીને વારંવાર બ્લડ ટ્રાન્સફ્યુઝનની જરૂર પડે છે. જો બંને પિતૃ પક્ષમાંથી ‘‘થેલેસેમિયા જીન’’ મળે તો બાળક ‘‘થેલેસેમિયા મેજર’’ સાથે જન્મે છે, જે ગંભીર સ્થિતિ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ન્યુઝ બોક્ષ

## નક્સલવાદ પર પણ પ્રહાર, બીજાપુરમાં ૧૫ નક્સલી ઠાર

। (એજન્સી) બીજાપુર, તા.૮ ।

પહલગામ હુમલાનો બદલો લેવા માટે, ભારતે પાકિસ્તાનમાં મોટી સ્ટ્રાઈક કરી છે. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર શરુ કર્યું અને કુલ ૯ આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલથી હુમલો કર્યો. બીજી તરફ નક્સલવાદ વિરુદ્ધ પણ ભારતના વીર જવાનો લડત આપી રહ્યા છે. છત્તીસગઢ-તેલંગાણાની સરહદ નજીક બીજાપુર જિલ્લામાં ૧૫ નક્સલીઓના ઢીમ ઢાળી દેવાયા છે. એક પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર બીજાપુર જિલ્લામાં કરેગુટ્ટા ટેકરીઓ પાસે ચાલી રહેલા એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ ૧૫થી વધુ નક્સલીઓને ઠાર કર્યા છે. આ કાર્યવાહી મિશન સંકલ્પ હેઠળ કરવામાં આવી છે. એપ્રિલમાં પણ આ જ જંગલમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૩ નક્સલીઓ માર્યા ગયા હતા. છત્તીસગઢ-તેલંગાણા સરહદ પર કરેગુટ્ટાની ટેકરીઓ પર સુરક્ષા દળોએ નક્સલવાદીઓ વિરુદ્ધ એક મોટું ઓપરેશન શરુ કર્યું છે. આ અભિયાનનો ઉદ્દેશ નક્સલવાદનો અંત લાવવાનો છે.

## ઓપરેશન સિંદૂર બાદ ભારતની ફરી વોટર સ્ટ્રાઈક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ન્ઝ પર નિર્દોષ નાગરિકોને ટાર્ગેટ કરી રહેલા પાકિસ્તાનન પર ભારતે ફરી વોટર સ્ટ્રાઈક કરી છે. ગોળીબાર કર્યા વિના પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે ભારતે ફરી એક વખત ચિનાબનો સહારો લીધો છે. ભારતે બગલિહાર અને સલાલ ડેમના ગેટ ખોલી દીધા છે, જેનાથી પાકિસ્તાનના વિભિન્ન વિસ્તારોમાં પૂરની સ્થિતિ ઉત્પન્ન થઈ છે. પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં સૈન્ય ગતિવિધિઓ પણ પ્રભાવિત થઈ છે. છેલ્લા પાંચ દિવસોમાં ભારતે બીજી વખત તેના પર વોટર સ્ટ્રાઈક કરી છે. આ અગાઉ રવિવારે ભારત સરકારે ચિનાબ નદીના પાણીનો પ્રવાહ બંધ કરી દીધો હતો, જેના કારણે પાકિસ્તાનમાં દુષ્કાળની સ્થિતિ સર્જાઈ હતી અને તેના વિવિધ જળવિદ્યુત પ્રોજેક્ટ બંધ થઈ ગયા હતા. જોકે, ભારતે બીજા દિવસે સોમવારે પાણી છોડી દીધુ હતું. ઉલ્લેખનીય છે કે ઓપરેશન સિંદૂરથી બોખલાઈ ગયેલા પાકિસ્તાને મંગળવાર રાતથી ભારતના સરહદી વિસ્તારો પર ગોળીબાર શરૂ કરી દીધો છે. આ ગોળીબારમાં એક જવાન શહીદ થઈ ગયો છે અને ૧૪ નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. લગભગ ૧૦૦ નાગરિકો ઘાયલ થયા છે. સબંધિત સૂત્રોએ જણાવ્યું કે, ગત રાત્રે ડોડા-કિશ્તવાડ, રિયાસીમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. તેને ધ્યાનમાં રાખીને બગલિહાર અને સલાલ ડેમમાં પાણીના પ્રવાહને રોકવા અને જાળવવા માટે બનાવવામાં આવેલા બે વધારાના ગેટ ખોલી દેવામાં આવ્યા છે. આના કારણે રિયાસી નીચે અખનુરમાં પાણીનું સ્તર ૨૦ ફૂટથી ઉપર વધી ગયું છે. તેનાથી અખનૂરની નીચે પાકિસ્તાનના વિસ્તારોમાં પણ પૂરની સ્થિતિ ઉત્પન્ન થઈ છે. જોકે, તેની પુષ્ટિ નથી થઈ. પરંતુ સબંધિત સૂત્રોએ જણાવ્યું કે, ગઢખાલ અને પરગવાલ સેક્ટરની પાર પકિસ્તાની ક્ષેત્રોમાં પાણી ભરાઈ ગયું છે.

### અમેરિકાએ TRFને આતંકવાદી સંગઠન જાહેર કરવું જોઈએ

# સર્વપક્ષીય બેઠકમાં ઓવૈસીએ સરકારને કર્યા મહત્ત્વના સૂચન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ઓપરેશન સિંદૂર બાદ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના નેતૃત્વમાં આજે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સરકારે રાજકીય પક્ષોને ઓપરેશન સિંદૂરની બ્રીફિંગ આપી. આ દરમિયાન આતંક પર સકંજો કસવા આ બેઠકમાં ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ-મુસ્લિમીનના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ ભારત સરકારને મહત્ત્વના સૂચન કર્યા છે. હવે બેઠક બાદ ઓવૈસીએ સંપૂર્ણ જાણકારી આપી છે. ઓવૈસીએ કહ્યું કે, મેં સર્વપક્ષીય બેઠકમાં આપણી સેનાની પ્રશંસા કરી. તેમણે ઓપરેશન સિંદૂરને અંજામ આપ્યો. મેં બેઠકમાં કહ્યું કે, આપણે TRF વિરુદ્ધ ઈન્ટરનેશનલ કેમ્પેઈન ચલાવવું જોઈએ, ખાસ કરીને સિક્યોરિટી કાઉન્સિલે તેનું એલાન કરવું જોઈએ. ઓવૈસીએ કહ્યું કે, આપણે અમેરિકાને એ કહેવાનું છે કે, તમે પોતાના દેશમાં TRFને આતંકવાદી સંગઠન જાહેર કરો. ફેબ્રુઆરી ૨૦૨૫માં હાફિઝ સઈદના પુત્રએ એક ભાષણમાં કહ્યું હતું કે, અમે ૨૦૨૫માં જિહાદ કરીશું. તેઓ જિહાદના નામે ભારતમાં હત્યા કરવા માગે છે. તેઓ આતંક ફેલાવવા માંગે છે. અમે સંયુક્ત રાષ્ટ્રને TRFને આતંકવાદી સંગઠન જાહેર કરવા વિનંતી કરીએ છીએ. પાકિસ્તાનને FATFની ગ્રે લિસ્ટમાં રાખવું જોઈએ. ઓવૈસીએ કહ્યું કે, આપણે બ્રિટન સાથે ટ્રેડ ડીલ પણ કરી છે. આવી સ્થિતિમાં અમે તેમને TRF પર પ્રતિબંધ મૂકવા માટે પણ કહીશું. બ્રિટનના નાણાં મંત્રાલયે પાકિસ્તાન પર પ્રતિબંધો લાદવા જોઈએ. અમે અમેરિકા સાથે ટ્રેડ ડીલ કરવા જઈ રહ્યા છીએ, તો આવી સ્થિતિમાં અમેરિકાને પાકિસ્તાનને આતંકવાદી યાદીમાં મૂકવા માટે પણ કહીશું.



### હજુ પૂરું નથી થયું ઓપરેશન સિંદૂર

# સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું કેટલા આતંકવાદીઓનો ખાતમો થયો

### રક્ષામંત્રીએ કહ્યું કે આ હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા છે : કિરેન રિજિજુએ વાતની પુષ્ટિ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્ર દ્વારા બોલાવવામાં આવેલી સર્વપક્ષીય બેઠકમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે મોટી વાત કહી છે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર હજુ સમાપ્ત થયું નથી. તેમણે કહ્યું કે આ હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. સર્વપક્ષીય બેઠક બાદ કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. બુધવારે રાત્રે ભારતીય સેનાના હવાઈ હુમલામાં પાકિસ્તાન અને પીઓકેમાં ઓછામાં ઓછા ૯ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો હતો. અહેવાલો કહે છે કે આતંકવાદીઓના ઓછામાં ઓછા ૧૨ આવા ઠેકાણા હજુ પણ બાકી છે. સર્વપક્ષીય બેઠક બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે,



અમે સંકટના સમયમાં સરકારની સાથે છીએ. દરમિયાન, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું કે જો પાકિસ્તાન હુમલો કરશે તો ભારત પણ વળતો જવાબ આપશે. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ઓપરેશન વિશે વધુ ટેકનિકલ માહિતી આપી શકાતી નથી. સર્વપક્ષીય બેઠક બાદ, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે રાજકીય નેતાઓએ સશસ્ત્ર દળોને તેમની કાર્યવાહી બદલ અભિનંદન આપ્યા. ખડગેએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્ય નેતાઓની હાજરીમાં જણાવ્યું હતું કે સરકારે પહેલગામ હુમલા પછી પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ સ્થળોએ ભારતીય સશસ્ત્ર દળો દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી વિશે તમામ રાજકીય પક્ષોને જાણ કરી છે. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપતા, સરકારે કહ્યું છે કે તે હાલમાં કેટલીક ગુપ્ત માહિતી જાહેર કરી શકતી નથી. શ્રી ખડગેએ કહ્યું કે આવા સંકટના સમયમાં, અમે આ માટે સરકાર પર દબાણ નથી કરી રહ્યા અને રાષ્ટ્રીય હિતમાં સરકારની સાથે ઉભા છીએ. ગાંધીએ કહ્યું કે અમે સરકારને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું કે જેમ ખડગેજીએ કહ્યું છે, સરકારે કહ્યું છે કે તે કેટલીક બાબતો પર ચર્ચા કરવા માંગતી નથી.

### મિસાઈલ હુમલાનો દાવો

# લાહોરમાં એક બાદ એક સતત ૩ ધડાકાથી હચમચી ઉઠ્યું પાકિસ્તાન

### આ ઘટના ભારતના ઓપરેશન સિંદૂર કાર્યવાહી બાદ વધેલા તણાવ વચ્ચે ઘટી અને આથી લોકોમાં ચર્ચા છે

। (એજન્સી) લાહોર, તા.૮ ।

પહેલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેનાએ હાથ ધરેલા ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનમાં રીત સરનો ખૌફનો માહોલ છે. આ જ કડીમાં હવે એક મોટા સમાચાર સામે આવ્યા છે. એવો દાવો કરાયો છે કે પાકિસ્તાનના લાહોરમાં એક બાદ એક ત્રણ ધડાકા થયા છે. ગુરુવારે સવારે આ ધડાકાના સમાચાર સામે આવ્યા. કેટલાક સ્થાનિક સ્ત્રોતો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સે આ મિસાઈલ હુમલો હોવાનો દાવો કર્યો છે. આ ઘટના ભારતના ઓપરેશન સિંદૂર કાર્યવાહી બાદ વધેલા તણાવ વચ્ચે ઘટી અને આથી લોકોમાં ચર્ચા છે. જલદી આ અંગે કોઈ અધિકૃત પુષ્ટિ થઈ શકે છે. નોંધનીય છે કે આ ધડાકા ૭મેના રોજ ભારતે પાકિસ્તાન અને પીઓકેના ૯ આતંકી ઠેકાણાઓ પર કરેલી પ્રિસિઝન મિસાઈલ એટેક બાદ થયા છે. ભારતે આ હુમલો પહેલગામ આતંકી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદૂર હેઠળ કર્યો હતો. હવે લાહોરમાં ધડાકા સંભળાઈ રહ્યા છે. એવા સમાચાર છે કે સમગ્ર લાહોરમાં સાઈરનો વાગી રહી છે અને લાહોર એરપોર્ટ બંધ કરાયું છે. હજુ સુધી પાકિસ્તાની અધિકારીઓ કે સેના દ્વારા આ ધડાકાઓની મિસાઈલ હુમલા તરીકે પુષ્ટિ થઈ નથી. જો કે પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સમાં એવું જરૂર કહેવાયું છે કે વિસ્તારમાં સુરક્ષાદળો તૈનાત છે અને લોકોને નજીક જતા રોકવામાં આવી રહ્યા છે. ધડાકાઓ બાદ લાહોરમાં ઈમરજન્સીની જાહેરાતના અહેવાલો છે અને સ્થાનિક લોકોમાં ડરનો માહોલ હોવાનું કહેવાય છે. પાકિસ્તાનના કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે લાહોરમાં ડ્રોનથી હુમલો થયો છે. લાહોર એરપોર્ટ પાસે ધડાકાનો અવાજ અનેક કિલોમીટર સુધી સંભળાયો છે. ત્યારબાદ સાઈરનનો અવાજ સંભળાયો. સમાચાર એજન્સી રોયટર્સના જણાવ્યાં મુજબ પાકિસ્તાની અધિકારીઓનું કહેવું છે કે આ ધડાકાઓની જગ્યા અને તેમના કારણની માહિતી મેળવવામાં આવી રહી છે.



જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં 'ઓપરેશન સિંદૂર' ના પગલે પાકિસ્તાન તરફથી સરહદ પારથી થયેલા ગોળીબારને કારણે સિંહ સભા ગુરુદ્વારામાં ક્ષતિગ્રસ્ત વિસ્તાર એક માણસ બતાવી રહ્યો છે.

# પાકિસ્તાનના સમર્થનમાં કોમેન્ટ કરવી એક યુવકને ભારે પડી

। (એજન્સી) મેરઠ, તા.૮ ।

પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં, ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' હેઠળ એક મોટું લશ્કરી ઓપરેશન શરૂ કર્યું અને પડોશી દેશ પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરીને તેનો નાશ કર્યો. બંને દેશો વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, મેરઠના એક યુવકે સોશિયલ મીડિયા પર પાકિસ્તાનના સમર્થનમાં કોમેન્ટ કરવા બદલ ભારે કિંમત ચૂકવવી પડી. આ કેસમાં કાર્યવાહી કરતા પોલીસે ગંભીર કલમો હેઠળ કેસ નોંધીને યુવકની ધરપકડ કરી હતી. મેરઠના ઝૈદ નામના યુવકે એક પાકિસ્તાની યુટ્યુબરની પોસ્ટ પર વાંધાજનક કોમેન્ટ કરી હતી. કોમેન્ટ બોક્સમાં પાકિસ્તાન સાચું છે એમ કહેવાની સાથે, તેમણે પાકિસ્તાનના સમર્થનમાં સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. યુવકની કોમેન્ટ પર હિન્દુ સંગઠનોએ હોબાળો મચાવ્યો છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને યુવકની ધરપકડ કરી છે. આરોપી વિરુદ્ધ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં ગંભીર કલમો હેઠળ કેસ નોંધીને આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આરોપી એક સલૂનમાં કામ કરે છે. આ કેસની તપાસ કરી રહેલી પોલીસે મીડિયાને જણાવ્યું હતું કે, "એક યુવક દ્વારા ઈન્સ્ટાગ્રામ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાંધાજનક પોસ્ટ કરવામાં આવી હતી.

### ડ્યુટીમાં ૯૦% સુધીનો ઘટાડો કરાયો

# ભારત અને બ્રિટન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ, મોંઘેરી કાર થશે સસ્તી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારત અને યુકેએ સત્તાવાર ધોરણે ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પર હસ્તાક્ષર કર્યા હતાં. જે હેઠળ બ્રિટને ૯૦ ટકા નિકાસ પર ડ્યૂટી ઘટાડવા સહમતિ દર્શાવી છે. જેથી ભારતમાં મળતી બ્રિટિશ કાર સસ્તી થશે. હાલ બ્રિટનમાં ઉત્પાદિત કાર પર ૧૦૦ ટકાથી વધુ ડ્યુટી લાગે છે.

જે હવે આ કરાર હેઠળ ૯૦ ટકા ઘટાડી ૧૦ ટકા કરાઈ છે. જેનાથી હાઈ કેટેગરીના વ્હિકલ વધુ સુલભ થશે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના કારણે ભારતમાં મળતી જેગુઆર લેન્ડ રોવર, બેન્ટલે, બીએમડબ્લ્યૂ ગ્રૂપની મીની, રોલ્સ રોય્સ, અને એસ્ટન માર્ટિનની લક્ઝ્યુરિયસ કાર સસ્તી થશે. બ્રિટન કાર પર હવે ૧૦ ટકા જ ડ્યુટી ચૂકવવાની હોવાથી કિંમતમાં મોટો ઘટાડો થઈ શકે છે. ઈંગ્લેન્ડમાં ઉત્પાદિત નોર્ટન મોટરસાયકલના નિર્માતા ટીવીએસને પણ લાભ થશે. કાર ઉત્પાદકો ઉપરાંત સ્કોચ વ્હિસ્કી પર પણ ડ્યુટી ૧૫૦ ટકાથી ઘટાડી દસ વર્ષમાં ૪૦ ટકા કરવામાં આવશે. ભારત અને યુકે વચ્ચે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ હેઠળ ૨૦૪૦ સુધી બંને દેશો વચ્ચે કુલ વાર્ષિક રૂ. ૨૫.૫ અબજ પાઉન્ડનો વેપાર વધવાનો અંદાજ છે. ૨૦૨૪માં બંને દેશો વચ્ચે ૪૨.૬ અબજ પાઉન્ડનો દ્વિપક્ષીય વેપાર થયો હતો. FTA ભારતીય નિકાસને પ્રોત્સાહન આપે છે. કારણકે, ભારતથી યુકે થતી ૯૯ ટકા નિકાસ પર ટેરિફ દૂર થશે. આયાત ડ્યૂટી દૂર થતાં ટેક્સટાઈલ, મરીન ફૂડ, લેધર પ્રોડક્ટ, ઓટો કમ્પોનન્ટ સેક્ટરને સીધો લાભ મળશે. ભારતના ટેક્સટાઈલ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરને આ કરારથી બ્રિટિશ માર્કેટમાં ગ્રોથ હાંસલ કરવા વિશાળ તકો મળશે. આ કરારથી પ્રોફેશનલ ડાયવર્સિફિકેશનમાં પણ સુધારો થશે. વર્તમાન ઈમિગ્રેશન પોલિસીને સમાયોજિત કર્યા વિના પ્રોફેશનલ્સ માટે વિઝા પ્રક્રિયાઓ સરળ બનાવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુકેના વડાપ્રધાન કીર સ્ટારમર બંનેએ આ કરારને આવકાર્યો હતો.

### વિદેશ મંત્રી એસ જયશંકરને મળ્યા

# પાકિસ્તાન સાથે તણાવ વચ્ચે ભારત પહોંચ્યા સાઉદી અરબના વિદેશ મંત્રી

### સાઉદી વિદેશ રાજ્યમંત્રીની મુલાકાત પહેલાથી નક્કી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

એક તરફ, ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર તણાવ ચાલુ છે. બીજી તરફ, સાઉદી અરબના મંત્રીઓ અચાનક ભારતની મુલાકાતે આવી પહોંચ્યા છે. અહેવાલો અનુસાર, સાઉદી અરેબિયાના વિદેશ રાજ્યમંત્રી અદેલ અલજુબેરે વિદેશ મંત્રી એસ જયશંકર સાથે મુલાકાત કરી છે. ઉલ્લેખનીય છે કે સાઉદી વિદેશ રાજ્યમંત્રીની આ મુલાકાત પહેલાથી જ નક્કી હતી. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે સોશિયલ મીડિયા સાઈટ ઠ પર આ અંગે એક પોસ્ટ શેર કરી. પોસ્ટ શેર કરતા એસ જયશંકરે લખ્યું, 'આજે સવારે સાઉદી અરેબિયાના વિદેશ રાજ્યમંત્રી અદેલ અલજુબેર સાથે સારી મુલાકાત થઈ.' આતંકવાદ સામે મજબૂતીથી લડવા માટે ભારતના વિઝનને શેર કર્યું. બુધવારે ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલોથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ૧૦૦ થી વધુ આતંકવાદીઓ



માર્યા ગયા છે. ઉપરાંત, મસૂદ અઝહરના પરિવારના ૧૦ સભ્યોના મૃત્યુ થયા છે, ત્યારબાદ મસૂદ અઝહરે પોતાનું દુઃખ વ્યક્ત કરતું નિવેદન બહાર પાડ્યું અને પછી ભારતને ધમકી આપી. આ હુમલા બાદથી, પાકિસ્તાની સેના સરહદ પારથી સતત ગોળીબાર અને તોપમારો કરી રહી છે. તેમજ પાકિસ્તાની સેના નિર્દોષ ભારતીયોને નિશાન બનાવી રહી છે. આ દરમિયાન, ઈઝરાયલમાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા સાઈટ ઠ પર એક પોસ્ટ શેર કરી છે. આ પોસ્ટમાં, ભારતીય દૂતાવાસે લખ્યું છે કે, 'ભારત આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાના પક્ષમાં છે.' છેલ્લા દાયકામાં, આપણે સરહદ પારના આતંકવાદી હુમલાઓમાં ૩૫૦ થી વધુ નિર્દોષ ભારતીય નાગરિકો ગુમાવ્યા છે.

### પાકિસ્તાનનું નવું ષડયંત્ર શું છે?

# જમ્મુમાં ૭૨ કલાકનું એલર્ટ, ગામડાં ખાલી કરવામાં આવ્યા

### બોર્ડર પારથી થઈ રહેલા ગોળીબારને ધ્યાનમાં રાખીને બોર્ડર આવેલા જિલ્લાઓમાં હાઈ એલર્ટ જાહેર કરાયું

। (એજન્સી) જમ્મુ, તા.૮ ।

'ઓપરેશન સિંદૂર' પછી જમ્મુ અને કાશ્મીરના સરહદી વિસ્તારોમાં પાકિસ્તાન દ્વારા અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને ભારત-પાક સરહદ પર વધારાની સાવધાની રાખવામાં આવી રહી છે. બોર્ડર પારથી થઈ રહેલા ગોળીબારને ધ્યાનમાં રાખીને જમ્મુ અને કાશ્મીરની બોર્ડર આવેલા જિલ્લાઓમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. શાળાઓ અને કોલેજો પણ બંધ કરી દેવામાં આવી છે. બોર્ડરને અડીને આવેલા ગામડાઓને ખાલી કરાવવામાં આવી રહ્યા છે. કેન્દ્રશાસિત પ્રદેશની કાશ્મીર ખીણને પણ એલર્ટ મોડ પર રાખવામાં આવી છે.

બુધવારે રાત્રે રાજસ્થાનમાં સરહદે આવેલા બાડમેર અને જોધપુરમાં સંપૂર્ણ બ્લેકઆઉટ થયું હતું. બાડમેર, જેસલમેર અને શ્રીગંગાનગરમાં શાળાઓને આગામી આદેશ સુધી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. પાકિસ્તાન સરહદ નજીકના પોતાના ગામડાઓ ખાલી



કરાવી રહ્યું છે. આને એક મોટા ષડયંત્ર તરીકે જોવામાં આવી રહ્યું છે. જેને લઈને, શ્રીગંગાનગરમાં સરકારી કર્મચારીઓ અને અધિકારીઓની રજા રદ કરવામાં આવી છે. સાવચેતીના પગલા તરીકે અહીં શાળાઓ, કોલેજો અને તમામ પ્રકારની સંસ્થાઓ બંધ કરી દેવામાં આવી છે.

જમ્મુ અને કાશ્મીરના સાંબા અને કઠુઆ જિલ્લા ઉપરાંત, જમ્મુ જિલ્લાના આરએસપુરા વિસ્તારમાં આગામી ૭૨ કલાક માટે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ એલર્ટ હેઠળ બોર્ડર ઉપર આવેલા વિસ્તારોમાં રહેતા લોકોને શક્ય તેટલી વહેલી તકે ગામડાઓ ખાલી કરવા કહેવામાં આવ્યું છે.

# તંત્રી લેખ...

## ભારતીય સીમામાં ઘૂસેલા પાકિસ્તાનના એક એરક્રાફ્ટને પણ તોડી પડાયું

ભારતીય સેનાએ ખુદ જાહેર કર્યું કે તેણે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનની અંદર આવેલા ૯ ઠેકાણાંને નિશાનો બનાવ્યા છે. આ સૈન્ય નહીં, પણ આતંકી ઠેકાણાંને નિશાનો બનાવવામાં આવ્યા છે. બ્રહ્મોસ અને રાફેલ વિમાનોનો તેમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતીય સીમામાં ઘૂસેલા પાકિસ્તાનના એક એરક્રાફ્ટને પણ તોડી પડાયું છે. કહેવાય છે કે ભારતે જે પાક યુદ્ધ વિમાન તોડી પાડયું તે એફ-૧૬ હતું. પાકિસ્તાનેપ ણ માન્યું છે કે તેના ઠેકાણાંને નિશાનો બનાવવામાં આવ્યા છે અને તેણે તેને યુદ્ધની કાર્યવાહી ગણાવી છે. પાકિસ્તાનમાં મિસાઈલ હુમલાના વીડિયો પણ સામે આવ્યા છે, જેમાં લોકોને સડકો પર બાઈક છોડીને ભાગતાં જોવામાં આવ્યા છે. પાકિસ્તાને પોતાની એરસ્પેસ બંધ કરી દીધી છે. લગભગ ૨૦૦ આતંકીઓને ભારતે પોતાની કાર્યવાહીથી ફૂંકી મારીને બદલો લીધો છે. પાકિસ્તાનના ગેરકાયદે કબ્જાવાળા કાશ્મીર જ નહીં, પરંતુ પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પણ આતંકીઓના મોટા ઠેકાણાંને નિશાને પર લેવામાં આવ્યા છે. ગિન્નાયેલા પાકિસ્તાને પુંછ-રાજૌરી વિસ્તારમાં સીઝફાયરનું ઉલ્લંઘન કરતાં ગોળીબાર કર્યો છે. ભારતીય સેના તેનો જડબાતોડ જવાબ આપી રહી છે. કુપવાડામાં પણ ગોળીબારનો જવાબ અપાઈ રહ્યો છે. અમેરિકાએ કહ્યું છે કે અમે સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમે આશા રાખીએ છીએ કે આ જલ્દી ખતમ થશે. આ તરફ કોંગ્રેસ પાર્ટીએ દેશની સુરક્ષા સાથે જોડાયેલ મામલે પણ રાજનીતિ શરૃ કરી દીધી છે. તેણે કહ્યું છે કે સુરક્ષા દળોને તેની જાણકારી નથી આપવામાં આવી. પાકિસ્તાનના રાષ્ટ્રપતિ શાહબાઝ શરીફે દેશના સુરક્ષા પરિષદની બેઠક બોલાવી છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે. ત્યાંની હોસ્પિટલોમાં બેડ પણ નથી મળી રહ્યા. બહાવલપુરમાં જૈશે મોહંમદના મુખ્યાલયને પણ નિશાનો બનાવવામાં આવ્યું છે. હિઝબુલ અને લશ્કરના ઠેકાણાં પણ નિશાનો બનાવાયાં છે. અંતર એટલું આવ્યું છે કે સર્જિકલ સ્ટ્રાઇક વખતે પાકિસ્તાન છૂપાવતું હતું અને પુરાવા માગતું હતું.

## ઓપરેશન સિંદુરની સફળતા વિશ્વને જણાવનારા કર્નલ સોફિયા કુરેશી મૂળ વડોદરાના છે

### એમએસયુમાં બાયો કેમેસ્ટ્રીનો અભ્યાસ કરી સોફિયા કુરેશી સેનામાં જોડાયા અને દેશની સેવા કરે છે





ગુજરાતની ધરતીની એક દિકરી, કર્નલ સોફિયા કુરેશી, આજે દેશ માટે ગૌરવનું જીવતું પ્રતિબિંબ બની છે. ભારતીય સેનાની આ બહાદુર મહિલા અધિકારીએ ''ઓપરેશન સિંદૂર''ની સફળતા અંગે મીડિયાને સંબોધન કરીને સમગ્ર રાષ્ટ્રનું ધ્યાન ખેંચ્યું છે.

કર્નલ સોફિયા કુરેશી મૂળ વડોદરાની રહેવાસી છે અને એમ. એસ. યુનિવર્સિટીમાંથી ૧૯૯૭માં બાયો કેમેસ્ટ્રીમાં માસ્ટર્સ પૂર્ણ કર્યું છે. વૈજ્ઞાનિક અભ્યાસ બાદ તેમણે ભારતીય સેના પસંદ કરી અને **Corps of Signals**માં જોડાઈને અનેક સફળતા મેળવી. તેમના દાદા પણ ભારતીય સેના સાથે જોડાયેલા હતા, જેમણે ધાર્મિક શિક્ષક તરીકે સેવામાં યોગદાન આપ્યું હતું. સેનાના સંસ્કારોથી ઉછરેલી સોફિયા આજે પોતે અને તેમના પતિ ભારતીય સેનાની મેખેનાઇઝ્‌ડ ઈન્ફેન્ટ્રીમાં અધિકારી છે. બંને દેશની રક્ષા માટે સમર્પિત છે.

૨૦૧૬માં કર્નલ સોફિયા એ ભારતીય સેનાના ઈતિહાસમાં એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી. તેઓ પહેલી મહિલા અધિકારી તરીકે ભારતીય દળનું નેતૃત્વ કરવા માટે **ASEAN** પ્લસ દેશોની મલ્ટીનેશનલ મિલિટરી એક્સરસાઈઝ 'ફોર્સ ૧૮'માં ભાગ લેનારા ૧૮ દેશોમાં એકમાત્ર મહિલા કમાન્ડર રહી. તેમના નેતૃત્વમાં ભારતીય દળે વિશ્વસ્તરે પોતાના કૌશલ્ય અને સંકલ્પ શક્તિનું પ્રદર્શન કર્યું.

કર્મક્ષેત્રે માત્ર યોધ્ધાની ભૂમિકા નથી ભજવી, પરંતુ તેઓએ આંતરરાષ્ટ્રીય શાંતિ મિશનમાં પણ મહત્વનું યોગદાન આપ્યું છે. યુનાઈટેડ નેશન્સની પીસકીપિંગ ઓપરેશન્સ અંતર્ગત છ વર્ષની સેવાકાળ દરમિયાન ૨૦૦૬માં તેઓ કોંગોમાં તૈનાત રહ્યા હતા. શાંતિ સ્થાપના અને માનવીય સહાયમાં તેમણે મહત્વનું કામ કર્યું છે. ''વિસંવાદિત વિસ્તારોમાં શાંતિ લાવવા માટેનો પ્રયાસ એ મારા માટે ગૌરવનો ક્ષણ રહ્યો છે,'' તેમનો સ્પષ્ટ સંદેશ છે.

વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ સાથે મળીને કર્નલ સોફિયાએ દેશના રક્ષણ અંગે એક સંયુક્ત પત્રકાર પરિષદ સંબોધી. ઓપરેશન સિંદૂરના વિજય અને સેના દ્વારા લેવામાં આવેલી વ્યૂહરચનાઓની ઝાંખી તેમણે મીડિયા સામે રજૂ કરી. દેશના સુરક્ષાકવચ પાછળ ઊભેલા સેનાનાયકોમાં જ્યારે મહિલા અધિકારીઓના નામ છે, ત્યારે તે સમગ્ર રાષ્ટ્ર માટે ગૌરવની વાત બને છે.

### ગરમીનું પ્રમાણ અતિશય વધી જતાં આ ઘટના ઘટતી હોય છે અને આને કમોસમી વરસાદ પણ કહેવામાં આવે છે

# પ્રકૃતિ બંડ પોકારે ત્યારે ધરતીકંપ, વાવાઝોડું અને માવઠા જેવી ઘટના ઘટે છે





સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દરેકે દરેક જીવ પણ પંચ મહાભૂત એટલે કે, અગ્નિ, પવન, જળ, પૃથ્વી,અને આકાશ એમ પંચ મહાભૂત માંથી બનેલો છે. પૃથ્વી પર જન્મ લઈને આવતા તેને પણ બાહ્ય પ્રકૃતિ જેવી જ એક આંતરિક પ્રકૃતિ પણ મળે છે. આ પમાંથી કોઈ પણ તત્વનું અસંતુલન થાય એટલે આંતરિક પ્રકૃતિમાં પણ જુદાજુદા સ્વરૂપે ઝંઝાવાત સર્જાય છે.**

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સમયચક્ર કહો કે કાળ ચક્ર સતત ફરતું જ રહે છે, અને એમ આતંકવાદી ઓનો કાળ પોકારતો હશે! આ ઉપરાંત હમણાં ત્રણેક દિવસથી વાતાવરણમાં એકાએક પલટો આવી જતાં ગુજરાતનાં ઘણા તાલુકાઓમાં, ગામમાં, કે જિલ્લામાં વરસાદ પડ્યો, અને ક્યાંક ક્યાંક તો કરા પણ પડ્યા. સામાન્ય રીતે આને માવઠું કહેવામાં આવે છે, અને માવઠા ને કારણે કેટલાંય લોકો ઘર કે ઝૂંપડા વગરના થઈ ગયા! બાકી હોય એમ આંબા, લીંબુ એરંડો અને કપાસ જેવા પાક પર પથારી ફરી! બે પૈસા વધુ મળે એટલે દેવું કરીને વાવણી કરી હોય, આમ માવઠું મોટેભાગે પાકને નુકસાન કરનારું સાબિત થતું હોય છે. ગરમીનું પ્રમાણ અતિશય વધી જતાં આ ઘટના ઘટતી હોય છે, અને આને કમોસમી વરસાદ પણ કહેવામાં આવે છે. ઋતુચક્રમાં એકાએક આવતા બદલાવને પરિણામે આવી ઘટનાઓ ઘટતી હોય છે, તો આજે આપણે કમોસમી શબ્દ પર થોડું ચિંતન કરીશું.

આપણી ઋતુ અનુસાર શિયાળામાં ઠંડી પડવી જોઈએ, ઉનાળામાં ગરમી પડવી જોઈએ, અને ચોમાસામાં વરસાદ આવવો જોઈએ, પરંતુ ઋતુચક્રમાં ફેરફાર થાય ત્યારે ,પંચ મહાભૂતથી બનેલી પ્રકૃતિ જાણે બંડ પોકારતી હોય, તેમ ગમે તે ઋતુમાં ગમે તે થાય છે. હવે તો પ્રકૃતિમાં પ્રદૂષણની માત્રા એટલી બધી વધી ગઈ છે કે,એ પંચ મહાભૂતનું સંતુલિત રહેવું અશક્ય બની ગયું છે.એટલે આવી ઘટના છાશવારે થતી જોવા મળે છે. આ ઉપરાંત વાવાઝોડા, સુનામી, અતિ વૃષ્ટિ, દુષ્કાળ અને ધરતીકંપ જેવી ઘટના પણ ઋતુચક્રના ફેરફારને કારણે જ થતી હોય છે. વાતાવરણના સ્તર વિશે વાત કરીએ તો પૃથ્વીનાં પેટાળમાં પણ સ્તરો આવેલા છે, અને એમાં ઉંચનીચ થાય, એટલે કે સૌથી નીચે રહેલાં લાવા ના તાપમાનમાં ફેરફાર થાય, કે પછી અન્ય કોઈ કારણસર એ પ્લેટ ખસે ત્યારે ભૂમિનું સંતુલન વિખરાઈ જાય છે, અને કુદરત બંડ પોકારે છે. અને આ વિજ્ઞાનનો એક વિષય છે! તેનાં સ્નાતકને ભૂસ્તરશાસ્ત્રીની પદવી મળે છે. નિશ્ચિત ગણતરી માંડીને તેઓ કહે કે, એટલે ઊંડે પાણી છે, અને એ પાણી ખારું છે કે મોળું? કે મીઠું છે અને પાણીનું વહેણ કંઈ તરફનું છે, એની પણ જાણકારી આપે ત્યાં સુધીની વાત માત્ર અભ્યાસથી કહી શકાય છે. આપણા આડેધડ વૈજ્ઞાનિક વિકાસને નામે થતાં પ્રકૃતિ પરનાં અત્યાચાર અતિશય થતાં પ્રકૃતિ બંડ પોકારે છે, જે સહજ છે.

દરેકે દરેક જીવ પણ પંચ મહાભૂત એટલે કે, અગ્નિ, પવન, જળ, પૃથ્વી,અને આકાશ એમ પંચ મહાભૂત માંથી બનેલો છે. પૃથ્વી પર જન્મ લઈને આવતા તેને પણ બાહ્ય પ્રકૃતિ જેવી જ એક આંતરિક પ્રકૃતિ પણ મળે છે. આ પમાંથી કોઈ પણ તત્વનું અસંતુલન થાય એટલે આંતરિક પ્રકૃતિમાં પણ જુદાજુદા સ્વરૂપે ઝંઝાવાત સર્જાય છે. દુનીય્વી સંબંધો, ક્યારેક કોઈ જરૂરિયાત કે પ્રાથમિક જરૂરિયાતની ચીજનો અભાવ, તો ક્યારેક સ્વજનના ઓચિંતાની વિદાયથી પણ ભલભલા ધૈર્યા ધારી માણસો ડગી જતાં દેખાય છે અને ઈશ્વર માંથી તેની આસ્થા પણ ઓછી થતી દેખાય છે. આજે સમાજમાં ઘટતી હિંસા ને કારણે પણ ભય, ડર, નિરાશા, જેવા ભાવથી અસંતુલન અનુભવી શકાય છે. આ ઉપરાંત લાગણી કે પ્રેમમાં ખોટ વર્તાય ત્યારે પણ અસંતુલન વધુ દેખાય છે, જેમકે પ્રેમીએ પ્રેમિકાને દગો દીધો, અથવા તો લગ્નોત્તર સંબંધની જાણ થઈ, કે પછી સંતાન માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો, કે પછી ભાઈ બહેનના સંબંધમાં કોઈ કારણસર મનમોટવ થયો, વિદ્યાર્થી કહેવાતી આ પરિક્ષાઓમાં નાપાસ થયો, આવા તો ઝીણા ઝીણા કેટલાય કારણોને લીધે આંતરિક પ્રકૃતિ અસંતુલન અનુભવે છે, અને એને પરિણામે ઉદાસી આવી શકે, ભય આવી શકે, ડર આવી શકે, ગુસ્સો આવી શકે, ચિંતા વધતી જાય, નફરત થઈ શકે, તિરસ્કૃત કરવાનો ભાવ પણ આવી શકે, કોઈને તુચ્છ સમજવાની ચેષ્ઠા પણ થઈ શકે, શાંતિ જતી દેખાય, જીવન પ્રત્યે અસંતોષ રહે અને આ બધા જ ભાવ એ અંધકારના ભાવ હોવાથી આપણું જીવન પતન તરફ ગતિ કરે છે, તે આપણને ખુદને દેખાતું પણ નથી અને સમજાતું પણ નથી, અને જ્યારે ખબર પડે, ત્યારે ખૂબ જ મોડું થઈ ગયું હોય છે. જેમ કે અત્યારની સામાજિક અશાંતિ એ આપણી સામુહિક સંવેદનહીનતાનું પરિણામ છે, અને એને કારણે પ્રકૃતિએ બંડ પોકાર્યો છે. વસુંધરા સ્ત્રીલિંગ ધરાવે છે, અને એ હિસાબે પ્રકૃતિમાં થતા ફેરફાર કે પૃથ્વી પર ઘટતી ઘટનાઓની સીધી અસરથી સ્ત્રીનું મન પ્રભાવિત થાય છે, અને આ અસંતુલન પણ પુરુષ કરતાં વધુ અનુભવાય છે. આમ પણ ઋતુચક્રનો અનુભવ સ્ત્રીથી વધુ કોણ કરી શકે!! કુદરતની એક અનન્ય રચના એટલે સ્ત્રી, અને જે માતા બનવાની ઉપલબ્ધિ મેળવવા માટે યુવાન થતાં જ ઋતુચક્રનાં સંતુલન કે અસંતુલનને સહન કરતી હોય છે.

પ્રકૃતિમાં આ પંચમહાભૂત પોતાનું અલગ અલગ અસ્તિત્વ ધરાવે છે અને એને કારણે એ જડ હોય છે. જ્યારે આ પાંચેયનો સંગમ થતા જીવની રચના થાય છે, અને તે જીવ સજીવ હોય છે. એટલે તે જડ હોવો ન જોઈએ, છતાં જડ બની તેણે કરેલા કેટલાય કર્મોનું આ ફળ છે. પરંતુ પ્રકૃતિને માતા કહેવામાં આવી છે એટલે છોરું કછોરું થાય, પણ માવતર કમાવતર ન થાય, એ ન્યાયે તુ અમને માફ કરીને ફરીથી સંતુલિત થઈ જા, જેથી કરીને જનજીવન સામાન્ય બની જાય. સમયનું ચક્ર એકધારુ ચાલે છે, શિયાળા પછી ઉનાળો, અને ઉનાળા પછી ચોમાસું, એમાં ક્યારેક આવી ઋતુચક્રનાં બદલાવની ઘટના ઘટતી હોય છે. આપણી અતિશય વિષયી માનસિકતા ને કારણે સમાજમાં સ્વાર્થની વૃત્તિ પણ વધી છે. કોઈને અહીં મરવું નથી, ભલે ને એક ને એક દિવસ તો અહીંથી જવાનું જ છે, અને એ પણ કંઈ પણ લીધા વગર, છતાં આપણી માનસિકતા આપણે હજી બદલી શકતા નથી. ભોગી કહો, સંસારી કહો, પણ મોહ જાળમાંથી બહાર નીકળવું એ એટલું સહેલું નથી, તો અશક્ય પણ નથી. થોડા થોડા નાના નાના પ્રયત્નો અને પ્રયોગ કરીને જીવનમાં બદલાવ લાવી શકાય, અને સંસારીની બદલે સંન્યાસીની ઉપલબ્ધિ સંસારમાં રહીને પણ મેળવી શકાય. આખા દિવસની દિનચર્યાને વારંવાર ચલચિત્રની જેમ જોવી પડશે, ક્યાં ક્યાં ભૂલ થાય છે, તેની મગજમાં નોંધ કરી અને ત્યાં સુધારો કરી શકાય, સતત આ રીતે નિરીક્ષણ કરી આત્મચિંતન કરીશું, તો બદલાવું અશક્ય નથી, અને એકવાર બદલાવ આવશે, પછી તો જીવનની ધારા નિર્મળ જ રહેવાની છે. જ્યાં દ્વેષ નથી, ભય નથી, ડર નથી, ચિંતા નથી, તણાવ નથી, કે પછી નથી કોઈ પ્રત્યે નફરત, ઈર્ષા, કે તિરસ્કાર નથી, જ્યાં સતત સત્ય પ્રેમને કરુણાના ભાવની મંદાકિની વહે છે, અને એ જ તો છે ધરતી પર અનુભવાતુ સ્વર્ગ અને એ જ છે સ્વર્ગનો અધિષ્ઠાતા પરમ કૃપાળુ પરમાત્માનો સાક્ષાત્કાર. મંદિરોની મૂર્તિઓને ખૂબ પૂજી અને પૂજવી પણ જોઈએ,કારણ કે આપણી સંસ્કૃતિ કહે છે. પરંતુ જીવતા માનવની ઉપેક્ષા કરવાનું બંધ કરીએ, તો કદાચ એ મૂર્તિ વધુ પ્રસન્ન થશે. આમ પણ હિન્દુ સંસ્કૃતિમાં આશીર્વાદનું ખૂબ જ મૂલ્ય છે, તો એ રીતે કોઈ આવાં માવઠા કે અન્ય કોઈ રીતે પરેશાનીનાં ભોગ બનેલા અજાણ્યાને મદદ કરી તેના આશીર્વાદ મેળવીએ, તો જીવન સંતુલિત તો રહેશે જ,આ ઉપરાંત સુરક્ષિત પણ રહેશે. સૌ કોઈ પોતાની આંતરબાહ્ય પ્રકૃતિમાં સંતુલન મેળવીને સદાય સ્વસ્થ રહી અન્યનાં જીવન સુરક્ષિત કરવા માટે કોઈને કોઈ નાનકડો પ્રયોગ કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### દીવાની પાસે જે રંગનો કાચ મૂકો તેવો પ્રકાશ દેખાશે સર્વ દેવોનું પૂજન કરો પણ ધ્યાન એક ઇષ્ટદેવનું જ કરો

# ખુશ રહેવાનો એક સરળ મંત્રઃ કોણ શું કરી રહ્યું છે?તે આકેવી રીતે કરી રહ્યો છે?તે આવું કેમ કરી રહ્યો છે?તમે આનાથી જેટલા દૂર રહેશો, તેટલા જ તમે તમારી માનસિકશાંતિની નજીક રહેશો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પરમાત્માના મંગલમય સ્વરૂપ ને નિહાળતાં નિહાળતાં તેના નામનું કીર્તન કરો. વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે. મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે.મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી. તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી.**

ઓપરેશન સિંદૂર પહેલગામ પર્યટકો પર હુમલા બાદ થતાં ભારતીય પ્રજામાં આનંદની લાગણી અને નેતાઓના હદયમાં ચુંટણીઓ પહેલાં તો અમારી જીત થઇ તેવો ઉમળકો જોવા મળી રહ્યો છે બુદ્ધિશાળી લોકશાહી ટકાવવા મથામણ કરતો એક વર્ગ મૌન બની આ તમાશારૂપ તરકટ જોઇ રહ્યો છે અને સિંદૂર પછી ગદાનો પ્રહાર થાય આ બધા વચ્ચે ઉત્તર કાશી માં ગંગોત્રી જતા પર્યટકોનું ખાનગી હેલિકોપ્ટર ક્રેશ થયાના સમાચાર સાથે પાંચના મોત અને બે ગંભીર ઘાયલ થયા છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ઈશ્વરનાં સ્વરૂપો અનેક છે. પણ તત્ત્વ એક છે. દીવાની પાસે જે રંગનો કાચ મૂકો તેવો પ્રકાશ દેખાશે સર્વ દેવો નું પૂજન કરો પણ ધ્યાન એક ઈષ્ટદેવનું જ કરો. વંદન દરેક દેવને કરો પણ ધ્યાન એક ઈષ્ટદેવ નું જ કરો. વંદન અને પૂજા સર્વની કરવી પણ ધ્યાન તો એક જ દેવનું કરવું. જે સ્વરૂપની રુચિ હોય તેનું જ ધ્યાન કરવું. ધ્યાન, ધ્યાતા અને ધ્યેયએ ત્રણેની એકતા થવી જોઇએ અને આ પ્રમાણેની એકતા થાય ત્યારે પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

ધ્યાનમાં સંસારના કોઈ પદાર્થનું ચિંતન ન કરો, કોઈ જીવનું ધ્યાન ન કરો, કોઈ જડ વસ્તુનું ધ્યાન ન કરો,ધ્યાન કરવું હોય તો શ્રીકૃષ્ણ નું ધ્યાન કરો.અનેક જન્મથી આ મન ને રખડવાની ટેવ પડી છે. ધ્યાન કરતાં મન ચંચળ બને અને સંસારના વિષયો દેખાય ત્યારે પરમાત્માના નામનું વારંવાર કીર્તન કરો. ઉચ્ચ સ્વરથી કીર્તન કરો. શ્રીકૃષ્ણ કીર્તનથી જગતનું વિસ્મરણ થાય છે. પરમાત્માના મંગલમય સ્વરૂપને નિહાળતાં નિહાળતાં તેના નામનું કીર્તન કરો. વાણી કીર્તન કરે અને આંખ દર્શન કરે તો મન શુદ્ધ થાય છે. મન શુદ્ધ થતાં પરમાત્માની શક્તિ તમારામાં આવશે.મનની શુદ્ધિ દાનથી કે સ્નાનથી થતી નથી.તીર્થસ્નાનથી શરીર શુદ્ધ થાય છે, મન શુદ્ધ થતું નથી. સંસારનું ચિંતન કરવાથી બગડેલું મન જ્યાં સુધી ઈશ્વરનું સતત ચિંતન કરે ત્યાં સુધી સુધરશે નહીં. આ શરીર ગંદુ છે.આ શરીરથી ઈશ્વરને મળી શકાતું નથી. શરીરનું બીજ અપવિત્ર છે.

ઠાકોરજીને તનથી મળવાનું છે. ધ્યાન વગર મનોમિલન થતું નથી. ધ્યાન કરવાથી જીવ ઈશ્વરનું

મિલન થાય છે. ધ્યાન વિના બ્રહ્મ સંબંધ થતોનથી. ધ્યાનનીપરિપક્વ દશા એજ સમાધિ છે.તે જ જીવન મુક્તિ. સમાધિ અધિક વખત ટકે એટલે જ્ઞાનીઓને જીવતાં જ મુક્તિનો આનંદ મળે છે.

ભાગવત ફરી ફરી કહે છેઃ ધ્યાન કરો, જપ કરો. એકએક ચરિત્રમાં આ સિદ્ધાંત વર્ણવ્યો છે. પુનરુક્તિએ દોષ નથી.એક સિદ્ધાંતને બરાબર બુદ્ધિમાં ઠસાવવો હોય તો તેને વારંવાર કહેવો પડે છે. ભાગવતના પ્રત્યેક સ્કંધમાં આ જપ-ધ્યાનની કથા આવશે. જ્ઞાનીઓ સાધનમાર્ગનો આશ્રય લઈ મુક્ત બને છે. જ્ઞાનથી ભેદને દૂર કરવો એ જ્ઞાનમાર્ગનું લક્ષ્ય છે. ભક્તિથી ભેદને દૂર કરવો એ ભક્તિનું લક્ષ્ય છે. બંનેનું લક્ષ્ય એક જ છે. માર્ગ જુદા જુદા છે. સાધનામાં ભેદ છે. ધ્યાન એક જ છે.તેથી સગુણ-નિર્ગુણ બંનેની જરૂર છે. ઈશ્વર અરૂપ છે પણ વૈષ્ણવો જે રૂપની ભાવનાથી તન્મય બને છે તેવું સ્વરૂપ પ્રભુ ધારણ કરે છે. સગુણ-નિર્ગુણ બંને સ્વરૂપોનું ભાગવતમાં વર્ણન કર્યું છે. નિર્ગુણ રૂપે પ્રભુ સર્વત્ર છે અને સગુણરૂપે મારા શ્રીકૃષ્ણ ગોલોકમાં બિરાજેલા છે.ઈષ્ટદેવ માં પૂર્ણ વિશ્વાસ રાખી જગતના જડચેતન પદાર્થોમાં પ્રભુ રહેલા છે તેવો દૃઢ વિશ્વાસ રાખો.

ક્રિયા અને લીલામાં તફાવત છે. પરમાત્મા જે કરે તેનું નામ લીલા અને જીવ જે કરે તેનું નામ ક્રિયા. ક્રિયા બંધનરૂપ છે, કારણ તેની પાછળ કર્તાનો આસક્તિ,સ્વાર્થ તથા અહંકાર હોય છે. ઈશ્વરની લીલા બંધનમાંથી છોડાવે છે, કારણ ઈશ્વરને સ્વાર્થ તથા અભિમાનનો સ્પર્શ થતો નથી. જે કાર્યમાં કર્તૃત્વનું અભિમાન નથી તે લીલા કેવળ જીવોને પરમાનંદનું દાન કરવા માટે પ્રભુ લીલા કરે છે, તેથી વ્યાસજી માખણચોરી, રસ સર્વને લીલા નામથી સંબોધે છે. શ્રીકૃષ્ણ માખણની ચોરી કરે તે મિત્રો માટે,પોતા માટે નહીં. દૈવી જીનું કલ્યાણ કરવા માટે જ ભગવાન લૌકિક જીવોની જેમ લીલા કરે છે. જગતની ઉત્પત્તિએ લીલા છે, સ્થિતિ એ પણ લીલા છે, અને વિનાશ એ પણ લીલા છે. વિનાશ માં પણ આનંદ છે. સર્વનો દૃષ્ટા હું છું. આ 'હું'નો નાશ થતો નથી. જ્ઞાની પુરુષ તેને લીલા કહે છે.'હું' ઈશ્વરનો અંશ છું,પણ આ 'હું' અહંકારમાં પરિણમવું ન જોઈએ ગાંધારીને શ્રીકૃષ્ણ મળવા આવે છે ત્યારે ગાંધારી શ્રાપ આપે છે કે, મારા વંશમાં તેં કોઇને રહેવા દીધો નહીં,તો જા,તારા વંશમાં પણકોઈ રહેશે નહીં. શ્રીકૃષ્ણ તો શ્રાપ સાંભળી ખુશ થાય છે, ને કહે કે, મા, હું વિચાર કરતો હતો કે આ બધાનો વિનાશ કેવી રીતે કરવો. સારું થયું કે તમે શ્રાપ આપ્યો! પરમાત્મા તો શાંતાકાર છે અને ભુજંગ ઉપર શયન કરવાવાળા છે. લોકોને પલંગ-શયન કરવા મળે તો પણ શાંતિ નથી. એટલે લયએ પણ ભગવાનની લીલા છે. જીવને ઉત્પત્તિ અને સ્થિતિ ગમે છે પરંતુ લય ગમતો નથી. ગાંધારી સમજી ગઈકે લોકો આને ભગવાન કહે છે તે સાચું છે.

જે પ્રભુએ બ્રહ્માજીને વેદતત્ત્વનું જ્ઞાન આપ્યું તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ, સંહાર કરનાર પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ. આદિ કવિ યે બ્રહ્માને જે દિવ્યજ્ઞાન નારાયણે આપ્યું છે તેનું વર્ણન કરીએ છીએ.

ભગવાનના ધ્યાનમાં તન્મયતા નહીં થાય, તો સંસારનું ધ્યાન થશે. તે છોડવાનો પ્રયત્ન કરો. ધ્યાનથી શરૂઆતમાં સંસાર દેખાય છે. પ્રત્યેક સાધકને એવો અનુભવ થાય છે. ઈશ્વરનું ધ્યાન ન થાય તો હરકત નથી પણ સંસારને તો ધ્યાનમાં લાવશો નહીં ઠાકોરજીના દર્શન કર્યા પછી પણ ધ્યાનની જરૂર છે.મંદિરના ઓટલા પર બેસવાનો રિવાજ જગતની વાતો કરવા માટે નહીં, પણ ધ્યાન કરવા માટે છે. મંદિરમાં જે સ્વરૂપ નાં દર્શન કર્યા હોય તે સ્વરૂપનું ઓટલા ઉપર બેસી ધ્યાન ચિંતન કરવાનું છે. પરમાત્માનું ધ્યાન કરવાથી વિઘ્નનો નાશ થાય છે.

વ્યાસજીએ મંગલાચરણમાં લખ્યું છે કે, સત્યં પરમ ધીમહિ. સત્ય સ્વરૂપ પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ.વ્યાસજીએશ્રીકૃષ્ણ નું ધ્યાન કરું છુંએમ કેમ ન લખ્યું? અને સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરું છું એમ કેમ લખ્યું? શ્રીકૃષ્ણનું ધ્યાન કરું છું એમ લખ્યું હોય તો શિવ ભક્તો,દત્તાત્રેય ભક્તો,દેવીના ભક્તો વગેરેને થાય કે ભાગવત તો શ્રી કૃષ્ણ ભક્તો માટેનો જ ગ્રંથ છે. એટલે વ્યાસજીએ કોઇનું વિશિષ્ટ રીતે નામ ન આપી ધ્યાન કરવાનું કહ્યું નથી,પણ સત્ય સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે. જેને જે સ્વરૂપ ગમે તેનું તેણે ધ્યાન કરવું.

લોકોની રુચિ જુદી જુદી હોય છે. કોઈ એક શાસ્ત્રને માને, કોઈ બીજા શાસ્ત્રને માને. બધા કહે છેકે, અમારું શાસ્ત્ર શ્રેષ્ઠ છે,પરંતુ બધા શાસ્ત્રોનું લક્ષ્ય એક જ છે. જેમ બધી નદીઓનું લક્ષ્ય સમુદ્ર છે તેમ તેથી પરમાત્મા શિવ, ગણેશ રામ, દત્તાત્રેય વગેરેનાં સ્વરૂપો ધરે છે.

સત્ય અખંડ છે, અવિનાશી છે, અબાધિત છે. સત્યનો કદી વિનાશ થતો નથી.સત્યના સ્વરૂપ માં કાંઈ પરિવર્તન થતું નથી.સુખ, દુઃખ,લાભ હાનિમાં પરમેશ્વરનું સ્વરૂપ બદલાતું નથી. ગીતાજીમાં ભગવાન કહેછે કે,દુઃખમાં જેને ઉદ્વેગ નથી અને સુખમાં જેને સ્પૃહા નથી એ સ્થિતપ્રજ્ઞ, શ્રીકૃષ્ણ જેવું બોલે છે તેવું જીવનમાં આચરી પણબતાવે છે.રામચંદ્રજીને રાજ્યાભિષેક વખતે અને વનવાસ વખતે એક સરખો જ આનંદ છે.શ્રીકૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોનાની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ.વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત જીવન અલ્પકાલીન છે એ મંજૂર પણ એની આનંદદાયક ક્ષણોને અલ્પજીવી બનાવી જીવનનું સૌંદર્ય ઝૂંટવી લેવું એવું કોણે કહ્યું શુધ્ધ અંતઃકરણને તમારા જીવનનો રખેવાળ બનાવો એની ઘંટડીનો રણકાર સતત સાંભળવા માંડો. ઋષિઓ શ્રદ્ધાવાન હતા.જ્ઞાન પ્રાપ્તિ માટે પણ એમણે શ્રદ્ધા ભર્યા મનથી હૃદયથી વાત કરી હતી એટલે તેઓ પોતાના અંતઃકરણની હતા. જિજ્ઞાસાની ક્ષણે તેઓ બાળક બની જતા અને ઉત્તર શોધતી વખતે પ્રૌઢ ઋષિઓ કશી ત્રિશંકા ની દશામાં રહ્યા નથી. સ્થિર થવા માટે પલાંઠી વાળીને આસન જમાવવું પડે. અંદરની ઘંટડીનો તત્પરતાપૂર્વક અવાજ સાંભળવો પડે,તદનુસાર ચેતવું પડે. માણસ ના કાન નહીં હૃદય પણ બહેરુ બની જતું હોય છે.દુનિયાની બધી જ સમસ્યાઓ નું આમાં મૂળ છે. હેલિકોપ્ટર ક્રેશ થયું..પાકિસ્તાન ભારતની વાતો વચ્ચે બસ આજે અહીં જ અટકી એ અસ્તુ.

## શુભમન ગિલ, પંત, કેએલ રાહુલ, જસપ્રીત બુમરાહપ ટીમ ઈન્ડિયાનો નવો ટેસ્ટ કેપ્ટન કોણ ?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ટીમ ઈન્ડિયાના ખેલાડીઓમાંથી કોણ હશે, જે ટેસ્ટ ક્રિકેટમાં રોહિત શર્માનું સ્થાન લેશે? તેના સ્થાને ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરતો જોવા મળશે. રોહિત શર્માએ ૭ મેના રોજ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી. હવે સવાલ એ છે કે, ટીમ ઈન્ડિયાનો નવો ટેસ્ટ કેપ્ટન કોણ હશે? જે ઈંગ્લેન્ડમાં ટીમ ઈન્ડિયાની કમાન સંભાળશે? આને લઈ શુભમન ગિલ, પંત, કે એલ રાહુલ અને જસપ્રીત બમરાહનું નામ સામે આવી રહ્યું છે. પરંતુ હવે સવાલ એ છે કે, કોણ બનશે. ક્રિકેટ નિષ્ણાતો પણ આ અંગે અલગ અલગ મંતવ્યો આપી રહ્યા છે જોકે, આ કેપ્ટનશીપ વિકલ્પોમાં, એક વિકલ્પ એવો છે જેમાં ટીમની કમાન સોંપવા માટે ૫ મોટા ફેક્ટર છે. કેપ્ટનશીપના વિકલ્પમાં શુભમન ગિલ સૌથી નાનો છે. મતલબ કે અનુભવી છે. પરંતુ જો લોન્ગ ટર્મ કેપ્ટન બનાવવો છે. તો ભારતની ટેસ્ટ ટીમ માટે ગિલ બેસ્ટ વિકલ્પ છે.

### ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચ મોટા સમાચાર

# પંજાબ કિંગ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચેની મેચ અમદાવાદમાં રમાશે

### પંજાબ કિંગ્સ-મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચેની મેચ ધર્મશાળાથી અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ખસેડવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ધર્મશાલામાં યોજાનારી IPL મેચનું સ્થળ બદલવામાં આવ્યું છે. આ નિર્ણય પાછળનું કારણ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતો તણાવ છે. ૭ મેના રોજ ભારતે પાકિસ્તાન અને PoK વિસ્તારોમાં આતંકવાદી ઠેકાણાઓ પર કાર્યવાહી કરી હતી, ત્યારબાદ બંને દેશો વચ્ચે તણાવ છે. તે તણાવને ધ્યાનમાં રાખીને, ૧૧ મેના રોજ ધર્મશાલામાં યોજાનારી મેચનું સ્થળ બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ધર્મશાલા મેચ હવે અમદાવાદમાં યોજાશે.



ગુજરાત ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અનિલ પટેલે મેચ ધર્મશાળાથી ખસેડવાની માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ૧૧ મેના રોજ યોજાનારી પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચેની મેચ હવે અમદાવાદ ખસેડવામાં આવી છે. IPL ૨૦૨૫માં અમદાવાદ ગુજરાત ટાઈટન્સનું હોમ ગ્રાઉન્ડ છે.

ઓપરેશન સિંદૂર બાદ ધર્મશાલા એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે ટીમોને મુસાફરીમાં ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ મેચ ૧૧ મેના રોજ રમવાની હતી. ઉલ્લેખનીય છે કે ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન પર હુમલો કર્યો છે. પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે આ હુમલો કરવામાં આવ્યો છે. ઓપરેશન સિંદૂરમાં, ભારતીય સેનાએ પાકિસ્તાનમાં સ્થિત નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો છે. ભારતના ઘણા એરપોર્ટ ૧૦ મેના રોજ સવારે ૫.૩૦ વાગ્યા સુધી બંધ કરવામાં આવ્યા છે. જે એરપોર્ટ બંધ કરવામાં આવ્યા છે તેમાં ધર્મશાળા, જમ્મુ, શ્રીનગર, લેહ, ચંદીગઢ, જોધપુર, અમૃતસર, ભૂજ, જામનગર અને રાજકોટનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે ધર્મશાલા પંજાબ કિંગ્સનું બીજું હોમ ગ્રાઉન્ડ છે. પંજાબનું હોમ ગ્રાઉન્ડ મુલ્લાનપુર, ન્યુ ચંદીગઢ છે. આ સુંદર સ્ટેડિયમમાં IPL ૨૦૨૫ની ત્રણ મેચ યોજાવા જઈ રહી છે. પંજાબ અહીં લખનૌ સુપર જાયન્ટ્સ સામે પહેલાથી જ એક મેચ રમી ચૂક્યું છે. આ મેચ ૪ મેના રોજ રમાઈ હતી. પંજાબની ટીમે અહીં લખનૌ સામે કારમી હાર આપી હતી. પરંતુ પાકિસ્તાન સરહદની નજીક હોવાથી આ મેદાન પર બાકીની મેચો રમવાની શક્યતા ઘણી ઓછી થઈ ગઈ છે.

### BCCIએ ક્રિકેટરને આપી મોટી સજા

## વરુણ ચક્રવર્તીને તેની મેચ ફીના ૨૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

બુધવારે ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી કોલકાતા નાઈટ રાઈડર્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચમાં કોલકાતાને હારનો સામનો કરવો પડ્યો હતો. તો આ મેચમાં સ્પિનર વરુણ ચક્રવર્તી સામે BCCI દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. હકીકતમાં વરુણ ચક્રવર્તી સામે મેચ દરમિયાન IPL આચારસંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ તેની મેચ ફીના ૨૫ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે અને એક ડિમેરિટ પોઈન્ટ પણ આપવામાં આવ્યો છે. વરુણ ચક્રવર્તીને IPL આચારસંહિતાના કલમ ૨.૫ના ઉલ્લંઘન બદલ દોષિત ઠેરવવામાં આવ્યો હતો, જે અન્ય ખેલાડી પ્રત્યે અપમાનજનક ભાષા, રિએક્શન અથવા અથવા મેચ દરમિયાન આક્રમક પ્રતિક્રિયા ઉશ્કેરવા સાથે સંબંધિત છે. IPL દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, વરુણ ચક્રવર્તીએ કલમ ૨.૫ હેઠળ લેવલ ૧ ના ગુનાની કબૂલાત કરી છે અને મેચ રેફરીની સજા સ્વીકારી છે. લેવલ ૧ની આચારસંહિતા ભંગ માટે મેચ રેફરીનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે. IPL આચાર સંહિતાના કલમ ૨.૫ મુજબ, જ્યારે કોઈ બેટ્સમેન આઉટ થઈને પેવેલિયન પરત ફરી રહ્યો હોય છે, ત્યારે ઘણી વખત ઉત્તેજનામાં બોલર એવી રીતે પ્રતિક્રિયા આપે છે કે બેટ્સમેન તરફથી વળતો પ્રતિભાવ મળવાની શક્યતા વધી જાય છે. ઘણી વાર, ફિલ્ડ અમ્પાયરોને દરમિયાનગીરી કરવી પડે છે. બોલર તરફથી બેટ્સમેન પ્રત્યે આ પ્રકારની પ્રતિક્રિયા અપમાન માનવામાં આવે છે. ભલે બેટ્સમેનને અપ માનિત ન લાગે.

# પાકિસ્તાનના રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમના ભુક્કા કાઢી નાખ્યા




## રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ પર ડ્રોનથી હુમલો થયો છે

। (એજન્સી) લાહોર, તા.૮ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ છે. પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર અંતર્ગત કાર્યવાહી કરી. ત્યાર બાદ પાકિસ્તાને ભારતના ૧૫ શહેરો પર હુમલાની કોશિશ કરી, પણ ભારતની જી-૪૦૦ વાયુ રક્ષા પ્રણાલીએ આ હુમલાને નિષ્ફળ કરી દીધા. આ દરમ્યાન મોટા સમાચાર આવી રહ્યા છે કે રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમ પર ડ્રોનથી હુમલો થયો છે. આ સ્ટેડિયમમાં આજે રાત્રે ૮ વાગ્યે પાકિસ્તાન સુપર લીગની મેચ રમાવાની હતી, જેને પેશાવર અને કરાચીની ટીમે આમને સામને રમવાની હતી. રાવલપિંડીમાં આવેલા સ્ટેડિયમ પર પાકિસ્તાન સુપર લીગની બાકી મેચ કરાચીમાં શિફ્ટ કરી દીધી છે. બુધવારે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં આયોજીત પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની એક ઈમરજન્સી બેઠક દરમ્યાન આ નિર્ણયને અંતિમ રૂપ આપવામાં આવ્યું. તેમાં પીએસએલમાં સામેલ ટીમોના માલિકો અને એજન્સીઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ૭ અને ૮ મેની વચ્ચે રાત્રે પાકિસ્તાને ડ્રોન અને મિસાઈલ દ્વારા અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જાલંધર, લુધિયાણા, આદમપુર, ભટિંડા, ચંદીગઢ, નલ, ફલૌદી, ઉત્તરલાઈ અને ભુજ સહિત ઉત્તરી અને પશ્ચિમી ભારતમાં કેટલાય સ્થળો પર ટાર્ગેટ બનાવ્યો હતો. આ હુમલામાં ફરી એક વાર ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો છે. આવી જ રીતે રાવલપિંડી સહિત પાકિસ્તાનના કેટલાય મોટા શહેરો પર ભારતે હુમલો કરી તેની એર ડિફેન્સ સિસ્ટમના ભુક્કા બોલાવી દીધા.



## અલ્લુ અર્જુન અને આમિર વચ્ચે ગુપ્ત બેઠક યોજાઈ

### આમિર હાલમાં તેની ફિલ્મ 'સિતારે જમીન પર' માટે સમાચારમાં છે જે ૨૦ જૂને રિલીઝ થઈ રહી છે



'પુષ્પા ૨' સ્ટાર અલ્લુ અર્જુન તાજેતરમાં મુંબઈમાં આમિર ખાનના ઘરે જોવા મળ્યો હતો, જેના પછી ચાહકો ખૂબ જ ખુશ છે. આમિર સાથે અલ્લુ અર્જુનની તસવીરો સામે આવતાની સાથે જ ચાહકો ઉત્સાહિત થઈ ગયા. એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે કોઈ નવી સનસનાટીભરી ઘટના બની શકે છે. શક્ય છે કે બંને સ્ટાર્સ કોઈ ગુપ્ત ફિલ્મ પર સાથે કામ કરી રહ્યા હોય.જોકે, અલ્લુ અર્જુન અને આમિર વચ્ચેની આ મુલાકાતની કોઈ વિગતો જાહેર કરવામાં આવી નથી. પરંતુ એક અહેવાલ મુજબ, એવી ચર્ચા છે કે અલ્લુ અર્જુન ટૂંક સમયમાં આમિર ખાનના બેનર હેઠળની ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કરી શકે છે. આ પહેલા અલ્લુ અર્જુન અને આમિર વર્ષ ૨૦૨૩ માં સાથે જોવા મળ્યા હતા. ત્યારબાદ બંને એક લગ્નના રિસેપ્શનમાં એકબીજા સાથે વાત કરી રહ્યા હતા, અને એવી ચર્ચા થઈ હતી કે તેઓ સાથે એક ફિલ્મ કરવા જઈ રહ્યા છે. હવે, બંનેની તાજેતરની મુલાકાતે આ અફવાઓને વધુ બળ આપ્યું છે.ઉદ્યોગના આંતરિક સૂત્રો પણ અલ્લુ અર્જુન અને આમિર ખાન પર નજર રાખી રહ્યા છે. જોકે, બંને કલાકારો દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. બાય ધ વે, જ્યારે અલ્લુની 'પુષ્પા ૨' રિલીઝ થઈ હતી, ત્યારે આમિરે ફિલ્મની બ્લોકબસ્ટર સફળતા માટે આખી ટીમને અભિનંદન આપ્યા હતા. ત્યારે અલ્લુ અર્જુને આમિરનો આભાર માન્યો હતો. આમિર હાલમાં તેની ફિલ્મ 'સિત્તારે જમીન પર' માટે સમાચારમાં છે જે ૨૦ જૂને રિલીઝ થઈ રહી છે. આ ઉપરાંત, તે મહાકાવ્ય મહાભારત પર આધારિત તેની ફિલ્મ માટે પણ ઉદ્યોગમાં સમાચારમાં છે. આમિરે તાજેતરમાં કહ્યું હતું કે તે એવા કલાકારોની શોધમાં છે જે તેના પાત્રો માટે યોગ્ય હોય.તે જ સમયે, અલ્લુ અર્જુન હાલમાં એટલીની નવી ફિલ્મમાં વ્યસ્ત છે, જેનું નામ હાલમાં એએ ૨૨ છે. આ એક એક્શનથી ભરપૂર સાયન્સ ફિક્શન ફિલ્મ છે. તે જ સમયે, તે 'પુષ્પા ૩' માં પણ જોવા મળશે, જેની જાહેરાત ઘણા સમય પહેલા કરવામાં આવી હતી.

### નેહાની દેશભક્તિ જોઈને ફેન્સ અલગ અલગ પ્રતિક્રિયાઓ આપી

# ઓપરેશન સિંદૂર બાદ ભોજપૂરી સિંગર નેહાએ આપી પ્રતિક્રિયા



### નેહા સિંહ રાઠોડે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક પછી એક એમ ત્રણ પોસ્ટ શેર કરી હતી

પણ થઈ ગઈ ટ્રોલ…7th May 2025 at 7:21 PM 1 minute readNeha Singh Rathore Operation Sindoor Reaction Trollભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનના આંતકવાદી ગતિવિધિઓનું સંચાલન કરતાં સ્થળો પર એર સ્ટ્રાઈક કરીને તેને નેસ્ત નાબુદ કરી દીધા હતા. આવી સ્થિતિમાં આખા દેશમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને સેનાને તેમના ઓપરેશન પર શુભેચ્છા પાઠવી રહ્યા છે.હવે આ ઓપરેશન સિંદૂરને લઈને ભોજપૂરી ગાયિકા નેહા સિંહ રાઠોડે પણ રિએક્શન આપ્યું છે અને ભારતીય સેના પર ગર્વની લાગણી વ્યક્ત કરી છે અને તેણે પણ ભારતીય સેના માટે ગર્વની લાગણી વ્યક્ત કરી છે.નેહા સિંહ રાઠોડે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક પછી એક એમ ત્રણ પોસ્ટ શેર કરી છે. પહેલી પોસ્ટમાં લખ્યું હતું કે ભારતીય સેના ઝિંદાબાદ. જય હિંદ. બીજી પોસ્ટમાં તેણે લખ્યું હતું કે એક ચૂટકી સિંદૂરની કિંમત જોઈ લીધી આંતકવાદીઓ. ત્રીજી પોસ્ટમાં નેહાએ લખ્યું હતું કે આપસી મતભેદ પોતાની જગ્યાએ છે, પણ દુશ્મનો માટે આપણે એક છીએ.ભારતના દુશ્મનો એ વાત ના ભૂલે કે જરૂર પડશે તો દેશનો દરેક નાગરિક દેશ માટે જીવ આપવા માટે તૈયાર રહેશે.નેટિઝન્સ નેહાની આ દેશભક્તિ જોઈને તેના પર ટીકાસ્ત્ર છોડી રહ્યા છે અને તેને ટ્રોલ કરી રહ્યા છે.એક યુઝરે નેહાની પોસ્ટ પર કમેન્ટ કરતાં લખ્યું હતું કે જોઈ રહ્યો છે વિનોદ, એફઆઈઆરની અસર. બીજા એક યુઝરે કમેન્ટ કરતા લખ્યું હતું કે કાશ આ વાતો જ પહેલાં કહી હોત. હવે પહલગામ હુમલા પર પાકિસ્તાનની ભાષા ના બોલશો. દેર આયે દુરુસ્ત આયે. જય હિંદ. ચોથા એક યુઝરે લખ્યું હતું કે આજે તબલામાંથી વાંસળીના સૂર કેમ સંભળાઈ રહ્યા છે.અત્રે ઉલ્લખનીય છે કે નેહા સિંહ રાઠોડ અવારનવાર પોતાની ગાયિકીથી સરકાર પર તંજ કસતી જોવા મળે છે. પહલગામમાં થયેલાં આંતકવાદી હુમલાને લીને પણ તેણે કેટલીક વિવાદાસ્પદ પોસ્ટ કરી હતી અને એને કારણે તેના પર એફઆઈઆર પણ નોંધાવવામાં આવી હતી. પણ હવે ઓપરેશન સિંદૂર બાદ નેહાની દેશભક્તિ જોઈને ફેન્સ અલગ અલગ પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે.

### દીપિકાએ ગયા વર્ષે જ ૮મી સપ્ટેમ્બરના જ દીકરીને જન્મ આપ્યો હતો

# માતા બન્યા બાદ દીપિકા પદુકોણે કહ્યું મારે ઘણું સહન કરવું પડ્યું

### બોલીવૂડની મસ્તાની ગર્લ દીપિકા પદુકોણ અને રણવીર સિંહ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું મોસ્ટ પોપ્યુલર કપલ છે

બોલીવૂડની મસ્તાની ગર્લ દીપિકા પદુકોણ અને રણવીર સિંહ ફિલ્મ ઈન્ડસ્ટ્રીનું મોસ્ટ પોપ્યુલર કપલ છે. દીપિકા પદુકોણ અને રણવીર સિંહે પણ ગયા વર્ષે જ ૮મી સપ્ટેમ્બરના જ દીકરીને જન્મ આપ્યો હતો. કપલે સોશિયલ મીડિયાના માધ્યમથી દીકરીના જન્મની અને નામની જાહેરાત કરી હતી.માતા બન્યા બાદ દીપિકા પદુકોણે ફિલ્મો અને સોશિયલ મીડિયાથી દૂરી બનાવી રાખી છે અને હાલમાં તેનું સંપૂર્ણ ધ્યાન પોતાની દીકરી દુઆ પર છે. જોકે, આ બાબતે હાલમાં દીપિકાએ મધરહૂડને લઈને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. દીપિકાએ જણાવ્યું હતું કે આઠ નવ મહિના અને ડિલીવરી દરમિયાન મને ઘણું બધું સહન કરવું પડ્યું હતું. આવો જોઈએ ડીપીએ બીજું શું કહ્યું છેહાલમાં જ આપેલા એક ઈન્ટરવ્યુમાં દીપિકાએ જણાવ્યું હતું કે પ્રેગ્નન્સી અને ડિલીવરીના આઠ નવ મહિનામાં મેં ઘણું બધું સહન કર્યું છે. રણવીર અને મને દીકરીનું નામ પસંદ કરવામાં સમય લાગ્યો હતો. મને લાગે છે કે અમારા માટે સૌથી મહત્ત્વની વાત એ હતી કે પહેલાં પોતાની દેખરેખ હેઠળ મોટી કરવી. આ નવી દુનિયાથી તેને વાકેફ કરાવવી.દીપિકાએ આ ઈન્ટરવ્યુમાં પોતાની દીકરી માટે દુઆ નામ કઈ રીકે પસંદ કર્યુ એ વિશે પણ ખુલાસો કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે કવિતા અને સંગીત પરથી જ મને મારી દીકરીનું નામ દુઆ રાખવાની પ્રેરણા મળી હતી. એ એક ખુબસુંદર સાંરાશની જેમ લાગ્યું કે તે અમારા માટે શું અને કેટલું મહત્ત્વ રાખે છે. દીપિકાએ એ ક્ષણને યાદ કરતાં જણાવ્યું હતું કે મેં અડધી રાતે રણવીરને જ્યારે તે સેટ પર હતો ત્યારે




તેને મેસેજ કરીને પૂછ્યું કે દુઆ? તેણે હામાં જવાબ આપ્યો અને બસ આ રીતે અમે દુઆ નાખ રાખ્યું.દીકરીના જન્મ બાદ પોતાની માનસિક સ્થિતિ વિશે વાત કરતાં દીપિકાએ જણાવ્યું હતું કે તે ઠીક છે અને પોતાની આસપાસના લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો કે તેમણે આ મુશ્કેલ સમયમાં તેની દરકાર કરી. હું ખરેખર ખૂબ જ લકી માનું છું મારી જાતને કે મને મારી આસપાસમાં એવા લોકો મળ્યા છે કે મને હંમેશા એ સપોર્ટ સિસ્ટમ મળી છે કે મને ખુશ રાકે છે.વર્ક ફ્રન્ટની વાત કરીએ કો દીપિકા પદુકોણ છેલ્લે ફિલ્મ સિંઘમ અગેનમાં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં તેની સાથે અજય દેવગણ, અક્ષય કુમાર, કરિના કપૂર-ખાન, ટાઈગર શ્રોફ, અર્જુન સિંહ અને રણવીર સિંહ પણ જોવા મળ્યા હતા.

## પતિ કરણસિંહ ગ્રોવર સાથે પૂલમાં જોવા મળી બિપાશા બસુ



બોલિવૂડ એક્ટ્રેસ બિપાશા બાસુએ સોશિયલ મીડિયા પર તેની ગોવા ટ્રીપની તસવીરો શેર કરી છે. આ ફોટામાં તે તેના પરિવાર સાથે મસ્તી કરતી જોવા મળી રહી છે. અભિનેત્રી બિપાશા બાસુ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. તે પોતાના અંગત જીવન સાથે સંબંધિત અપડેટ્સ આપતી રહે છે. તાજેતરમાં તેણે ચાહકોને તેની ગોવા ટ્રીપની એક ઝલક બતાવી છે.બિપાશા ગોવામાં પતિ કરણ સિંહ ગ્રોવર અને પુત્રી દેવી સાથે મસ્તી કરતી જોવા મળે છે. બિપાશાએ સ્વિમિંગ પુલમાં એન્જોય કર્યુ હતુ.બિપાશા વેકેશનના મૂડમાં જોવા મળી હતી. બિપાશા ગુલાબી મોનોકિનીમાં ખૂબ જ કૂલ લાગી રહી હતી. તેણીએ ચશ્મા સાથે લુક પૂર્ણ કર્યો.બિપાશા ડેનિમ ડ્રેસ પહેરીને પોઝ આપતી જોવા મળી હતી. વેકેશનમાં બિપાશાની ફેશન ખૂબ જ લોકપ્રિય હતી.બિપાશા અને કરણના લગ્ન ૩૦ એપ્રિલ ૨૦૧૬ના રોજ થયા હતા. તેમના લગ્નની ખૂબ ચર્ચા થઈ હતી. બંને સુખી લગ્નજીવનનો આનંદ માણી રહ્યા છે.આ લગ્નથી આ દંપતીને એક પુત્રી દેવી છે. દેવીનો જન્મ ૧૨ નવેમ્બર ૨૦૨૨ના રોજ થયો હતો. બિપાશા પોતાનો બધો સમય દેવીને આપે છે.

# શ્રી પ્રવિણચંદ્ર એન પરમારે રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલ, મુંબઈના સભ્ય (ટેકનિકલ) તરીકેનો ચાર્જ સંભાળ્યો



। મુંબઈ, તા.૮ ।

રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલ, મુંબઈ, એ જાહેરાત કરતા આનંદ અનુભવે છે કે ભારતીય રેલ્વે ટ્રાફિક સર્વિસ (IRTS), ૧૯૮૮ બેચના નિવૃત્ત અધિકારી શ્રી પ્રવિણચંદ્ર એન. પરમારે આજે, ૮ મે ૨૦૨૫ ના રોજ ટ્રિબ્યુનલના ટેકનિકલ સભ્ય તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.

શ્રી પરમાર ઓગસ્ટ ૨૦૨૩ માં પશ્ચિમ રેલ્વે, મુંબઈના પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજર (PCCM) તરીકે નિવૃત્ત થયા. તેમના નેતૃત્વ હેઠળ, પશ્ચિમ રેલ્વેએ ૨૦૨૨-૨૩ માં અત્યાર સુધીની સૌથી વધુ આવક નોંધાવી અને સૌથી કાર્યક્ષમ ફરિયાદ વ્યવસ્થાપન માટે રેલ્વે બોર્ડની ટ્રોફી પ્રાપ્ત કરી.

નિવૃત્તિ પછી, તેમણે તેમની વર્તમાન નિમણૂક સુધી એક વર્ષ માટે ગુજરાત સરકારના ઉપક્રમ, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડમાં સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે સેવા આપી.

ગુજરાતના ખેરાલુ તાલુકાના લુણવા ગામના વતની શ્રી પરમારનો જન્મ અને ઉછેર પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં થયો હતો. તેમણે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી અને ઈજીએનઓયુમાંથી મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા મેળવ્યો છે.

ભારતીય રેલ્વેમાં ૩૩ વર્ષની શાનદાર કારકિર્દી સાથે, શ્રી પરમારે ઓપરેશન્સ, કોમર્શિયલ, સેફ્ટી અને જનરલ એડમિનિસ્ટ્રેશનમાં વિવિધ ભૂમિકાઓ નિભાવી છે. તેમણે નેશનલ એકેડેમી ઓફ ઈન્ડિયન રેલ્વેમાં ફેકલ્ટી તરીકે અને આઈઆરસીટીસી, અમદાવાદમાં ચીફ રિજનલ મેનેજર તરીકે ડેપ્યુટેશન પર પણ સેવા આપી છે.

તેમના વ્યાવસાયિક વિકાસમાં એલબીએસએનએએ મસૂરી, આયઆયએમ અમદાવાદ, આયએસબી હૈદરાબાદ, આયએનએસઈએડી સિંગાપોર અને આયસીએલઆયએફ, કુઆલાલંપુર, મલેશિયા જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી તાલીમનો સમાવેશ થાય છે.

શ્રી પરમારને બે વખત જનરલ મેનેજરનો કાર્યક્ષમતા પદક (મેડલ) મળ્યો છે અને ૨૦૦૪, ૨૦૧૫ અને ૨૦૧૯ માં રેલ મંત્રી હિન્દી નિબંધ સ્પર્ધામાં પ્રથમ ઈનામ જીત્યું છે.

# ઝાલોદ મૌલાના આઝાદ હાઈ.અને હા.સે.સ્કુલ, ઝાલોદનું ધો.૧૦ એસ.એસ.સી.બોર્ડનુ ૮૪.૪૪% પરિણામ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ નગર પડી મહુડી રોડ ઉપર આવેલ જામિઆ ફેઝે રહમાની બચ્ચોંકા ઘર, ઝાલોદ. સંચાલિત મૌલાના આઝાદ હાઈ.અને હા.સે.સ્કુલ, ઝાલોદનું ધો.૧૦ એસ.એસ.સી.બોર્ડ ૨૦૨૫નું પરિણામ ૮૪.૪૪% આવેલ છે. સ્કૂલના તમામ શિક્ષકો, વિદ્યાર્થીઓ,મંડળના સભ્યોની મેહનત અને લગનથી શાળાનું પરિણામ ૮૪.૪૪ ટકા આવેલ છે.

પ્રથમ નંબરે શેખ જન્નતજહાં રઝ્ઝાકભાઈ, બીજા નંબરે કાસમ યુસરા યાસીનભાઈ, ત્રીજા નંબરે પટેલ ફોઝીયા ફારૂકભાઈ

# થરા વિનય વિદ્યા મંદિરનું ગૌરવ...




। (પ્રતિનિધી) થરા, તા.૮ ।

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા ખાતે આવેલી શ્રી વિનય વિદ્યા મંદિર શાળાએ ફેબ્રુ માર્ચ ૨૦૨૫ માં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨માં ઉચ્ચ પરિણામ મેળવી કાંકરેજ તાલુકામાં અગ્ર હરોળનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ધોરણ ૧૦માં વડલીયા સ્નેહા ધવલભાઈએ ૯૯.૮૧ પી. આર. મેળવી સમગ્ર તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળા નું ગૌરવ વધાર્યું છે. બીજા સ્થાને વણકર ઈશિતા ખાનાભાઈએ ૯૯.૦૬ પી. આર. અને ત્રીજા સ્થાને તરક માહી વિજયભાઈએ ૯૭.૧૪ પી. આર. મેળવી શાળા નું ગૌરવ વધાર્યું છે.ધોરણ ૧૨ સાયન્સ પ્રવાહમાં પ્રથમ ક્રમે મોહિની જયંતિ ભાઈ પરમારે ૯૩.૨૯ પી. આર. મેળવી તાલુકામાં બીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં દેસાઈ સુરેખા દેવરાજભાઈ એ ૯૫.૭૪ પી. આર. મેળવી શાળામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. શાળાએ ઉત્કૃષ્ટ પરિણામ મેળવતા શાળાના ઉત્સાહી પ્રમુખ અણદાભાઈ આર પટેલે શ્રેષ્ઠ પરિણામ મેળવવા બદલ વિદ્યાર્થીઓને ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવી ખૂબ આગળ વધો અને માતા પિતા અને દેશ માટે ગૌરવ પ્રાપ્ત કરો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી અને ઉચ્ચ પરિણામ મેળવવા બદલ શિક્ષકગણનો પણ આભાર માન્યો હતો.

# અર્ચના વિદ્યા નિકેતન શાળાનું ધો.૧૦નું ઝળહળતું પરિણામ...



। સુરત, તા.૮ ।

વરાછા કમલ પાર્ક સ્થિત અર્ચના વિદ્યા નિકેતન શાળાના વિદ્યાર્થીઓની સખત મહેનત, શાળા દ્વારા કરાવેલ આયોજન પૂર્વકની મહેનત, રાઉન્ડ ટેસ્ટ અને શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનને કારણે શાળાના ૩ વિદ્યાર્થીઓ A1 ગ્રેડ અને ૧૨ વિદ્યાર્થીઓ A2 ગ્રેડ મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળાના નવતર પ્રયોગ અનુસાર વર્ષના શરૂઆતથી રીડિંગ રિપોર્ટ અભિયાનને વિદ્યાર્થીઓ દ્વારા સફળ બનાવી, વાલીશ્રીના યોગ્ય સહકાર, શિક્ષકોનું યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની ખંત પૂર્વકની મહેનત આજે ખરેખર વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ પરિણામ મેળવવા માટે જવાબદાર સાબિત થઈ છે...

આ તકે નિકેતન શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન આપીને પ્રોત્સાહિત કર્યા હતા. રીઝલ્ટ પરથી એ તો ચોક્કસ કહી શકાય કે અભ્યાસ માટે સુવિધા નહીં પરંતુ યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીની મહેનત જ શ્રેષ્ઠ પરિણામ અપાવી શકે છે.

### દાહોદ જિલ્લાનું ૮૧.૨૯% અને ઝાલોદ કેન્દ્રનુ ૭૧.૯૦% પરિણામ

# ઝાલોદ બી.એમ.હાઈસ્કૂલનુ SSCનું ૭૭.૭૩% પરિણામ : બાળકીઓએ મેદાન મેદાન માર્યુ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ગુજરાત રાજય SSC ગુજરાત બોર્ડનું આજરોજ ૦૮-૦૫-૨૦૨૫ ના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું જેમાં ગુજરાત રાજ્યનું પરિણામ ૮૩.૦૮% આવ્યું હતું. જેમાં દાહોદ જિલ્લાનું પરિણામ ૮૧.૨૯% તેમજ ઝાલોદ કેન્દ્રનુ પરિણામ ૭૧.૯૦% અને ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલનુ પરિણામ ૭૭.૭૩% આવેલ હતું.

ઝાલોદ નગરની કેળવણી મંડળ સંચાલિત સ્કૂલ નગરની સૌથી જૂની તેમજ મોટી શૈક્ષણિક સ્કૂલ છે. આ સ્કૂલ ઝાલોદ નગરમા મોટું નામ ધરાવે છે. તેથી અહીંયા બાળકો પણ અભ્યાસ માટે વધુ આવતા હોય છે. આજરોજ SSC બોર્ડનું પરિણામ આવતા દરેક બાળકોએ પોતાનું પરિણામ ઓનલાઈન જોયું હતું તેમજ અમુક બાળકોએ સ્કૂલનો સંપર્ક કરી પરિણામ જાણ્યું હતું.

ઝાલોદ બી.એમ.હાઈસ્કૂલનુ પરિણામ ૭૭.૭૩% આવ્યું હતું જેમાં પ્રથમ ત્રણ નંબર પર સ્કૂલના બાળકો ઉત્તીર્ણ આવતા સ્કૂલના પ્રિન્સિપાલ યુક્તિ પંચાલ દ્વારા તેઓને ટેલિફોનિક શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રથમ ત્રણ નંબર આવેલ બાળકો પોતાના સ્કૂલ આચાર્યોના આશીર્વાદ લેવા તેમજ મીઠાઈ ખવડાવવા પોતાના વાલીઓ સાથે સ્કૂલમાં આવેલ હતા. દરેક બાળકોમાં સારા ગુણ આવવાની ખુશી તેમના ચહેરા પર જોવા મળી હતી. દરેક બાળકોએ સ્કૂલના અભ્યાસની ભારોભાર પ્રસંશા કરી હતી તેમજ બાળકોના કહેવા મુજબ દરેક શિક્ષકોનુ અભ્યાસને લઈ બાળકો સાથે ખૂબ સારું કોમ્બિનેશન હતું.દરેક શિક્ષકો બાળકો સાથે સાતત્ય જાળવી ખૂબ સારો અભ્યાસ કરાવતા હતા. ઝાલોદ કેળવણી મંડળના પ્રમુખ અતુલ પટેલ અને સ્કૂલના પ્રિન્સિપાલ યુક્તિ પંચાલે દરેક બાળકોને ખૂબ સારા ગુણ લાવવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ તેઓ આવનાર સમયમાં પણ ખૂબ સારું ભણી ખૂબ આગળ વધે તેવી શુભકામનાઓ પણ પાઠવી હતી.

ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલમા પ્રથમ ત્રણ ક્રમાંકમા આવેલ બાળકો

૧. બામણીયા પૃથા રાજેશ ૫૬૭/૬૦૦ ૯૪.૫૦% (99.06pr) ૨. પરમાર દિયા અજય ૫૫૩/૬૦૦ ૯૨.૧૭% (97.64pr) ૩. મહીડા નીયતિ નરેન્દ્ર ૫૫૨/૬૦૦ ૯૨% (97.52pr)

# સાબરકાંઠામાં જિલ્લા પ્રભારી મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે હિંમતનગર ખાતે સાંસદ ક્રિકેટ ટુર્નામિન્ટનો શુભારંભ કરાવ્યો



। (માહિતી) સાબરકાંઠા, તા.૮ ।

સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગ,લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ કુટીર, ખાદી અને ગ્રામ ઉદ્યોગ,નાગરિક ઉડ્ડયન શ્રમ અને રોજગાર અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે ધ ગેલેક્સી સ્પોર્ટસ ક્લબ ક્રિકેટ ગ્રાઉન્ડ હિંમતનગર ખાતે સાબરકાંઠા-અરવલ્લી ક્રિકેટ એસોસિયેશન દ્વારા આયોજીત સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ કરાવ્યો હતો.

સાબરકાંઠા-અરવલ્લીના ક્રિકેટ પ્રેમીઓ તેમજ યુવાનો માટે સાબરકાંઠા-અરવલ્લી ક્રિકેટ એસોસીયેશન દ્વારા સૌ પ્રથમ વખત સાંસદ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન થઈ રહ્યું છે. જેનું પ્રભારી મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે ઉદ્ઘાટન કરાવી રમતવીરોમાં ઉત્સાહ વધાર્યો હતો.

આ ઉદ્ઘાટન સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલ, સાંસદશ્રી શોભનાબેન બારૈયા,સાંસદશ્રી રમીલાબેન બારા, હિંમતનગર ધારાસભ્યશ્રી વી ડી ઝાલા, પ્રાંતિજ ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર, અગ્રણીશ્રી કનુભાઈ પ ટેલ,અગ્રણીશ્રી સિદ્ધાર્થભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

# બિયારણની ખરીદી ચોકસાઇથી અને કાળજીપૂર્વક કરવી

**બિયારણ વેચાણનું લાયસન્સ ધરાવતાં ન હોય તેવાં વ્યક્તિ, પેઢી, સગા સબંધીઓ કે ફેરીયાઓ પાસેથી ખરીદી કરવી નહીં ** પાક ઉત્પાદનનો મુખ્ય આધાર બિયારણ છે જો બિયારણમાં કોઈ પ્રશ્ન આવે તો ખેડુતોની આખી સીઝન ફેઇલ થઈ શકે**

। (માહિતી) સાબરકાંઠા, તા.૮ ।

ઉનાળું સીઝનમાં અને ચોમાસાનો વરસાદ થાય એ પહેલાં ખેડુતો દ્વારા ક્યાં પાકનું વાવેતર કરવું તેનું આયોજન હાથ ધરવામાં આવતું હોય છે. જેમાં જુદાં જુદાં ઘણાં પાસાઓ ધ્યાનમાં લેવાતાં હોય છે જેવું કે આવતાં વર્ષનું ચોમાસું કેવું રહેશે ? મોસમ વિભાગનું વરસાદનું કેવું અનુમાન છે ? વરસાદની આગાહી કરતાં આગાહીકારોનું શું કહેવું છે ? ચાલું સીઝનમાં જે તે પાકનાં બજારભાવ કેવાં હતાં ? ખેતી પાકમાં કોઈ નવી જાતો આવેલી છે કે કેમ ? બિયારણનો ખર્ચ કેટલો થશે વિગેરે મુદ્દાઓ ને ધ્યાને રાખી આગામી સીઝનનાં પાકની પસંદગી કરતાં હોય છે. સ્વપરાગનયન વાળા પાક અને સંકર જાતો ન હોય તેવાં પાકનું બિયારણ ખેડુતો પોતાનાં ઘરનાં બિયારણનો પણ ઉપયોગ કરતાં હોય છે. જેમ કે મગફળીનું બિયારણ ઉપયોગ કરતાં હોય છે. જયારે કપાસ પાક છે એમાં સંકર જાતોનું વાવેતર થાય છે એટલે તેમાં ૧૦૦% બિયારણ બજારમાંથી ખરીદી કરવાની હોય છે.

પાક ઉત્પાદનનો મુખ્ય આધાર બિયારણ હોય છે કારણ કે બિયારણ એકવાર વવાતું હોય છે અને જો આ બિયારણમાં કોઈ પ્રશ્ન આવે તો ખેડુતોની આખી સીઝન ફેઈલ થઈ શકે છે. જેથી ખેડુતોએ બિયારણ ખરીદી ધીરજપુર્વક અને પુરી ચોકસાઈથી કરવી જોઈએ. જેનાં માટે નીચે મુજબનાં મુદ્દાઓને ધ્યાને લેવા જોઈએ.

આગામી ચોમાસું સીઝનમાં ક્યાં પાકનું વાવેતર કરવાનું છે એ નક્કી થાય એટલે બિયારણ સમયસર મેળવી લેવું જોઈએ. વાવણી સમયે જે બિયારણ જોઈતું હોય તે ઘણીવાર મળતું હોતું નથી અને પછી ખેડુતો કોઈપણ જાત મળે એનું વાવેતર ફરજીયાત કરવું પડે છે.

બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવી જોઈએ. કોઈપણ સંજોગોમાં બિયારણ વેચાણનું લાયસન્સ ધરાવતાં ન હોય તેવાં વ્યક્તિઓ, પેઢીઓ, સગાં સબંધીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહી. જેથી, છેતરપીડીથી બચી શકાય.

બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરું નામ સરનામુ અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ બિયારણનો વર્ગ, લોટ નંબર, ઉત્પાદન અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું પાકું બીલ વેચનારની સહી સાથે અવશ્ય લેવું. બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ ગઈ નથી તે બાબતો ખાસ તપાસ કરવી અને કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થઈ હોય તેવાં બિયારણની ખરીદી કરવી નહીં.

ખાસ કરીને કપાસ પાકનાં બિયારણની ઘેલી અથવા પેકેટ કે જેનાં પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવાં ૪જી અને ૫જી જેવાં જુદાં જુદાં નામે વેચાતાં અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં તેમજ આ પ્રકારનાં બિયારણ વેચાતાં હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત જે તે તાલુકાનાં ખેતી અધિકારી (એગ્રીકલ્ચર ઈન્સ્પેક્ટર) ને તુરંત જાણ કરવી. વાવણી કર્યા બાદ ખરીદેલ બિયારણનું પેકેટ તેમજ તેનું બીલ પણ સાચવી રાખવું જરૂરી છે. સર્ટિફાઈડ બિયારણની ખરીદી કરેલ હોય તો થેલી ઉપર લગાડેલ ટેગ અને થેલી પાક પુરો ના થાય ત્યાં સુધી સાચવીને રાખવા. તમામ બિયારણની થેલી ઉપર બિયારણનો વર્ગ, પાકનું નામ, જાત, ઉગાવાનાં ટકા, ઉત્પાદન તારીખ, ચકાસણી તારીખ, મુદત પુરી થતી તારીખ, મહતમ કિંમત લખેલી હોય છે.

# પીએમ કિસાન યોજનાના લાભાર્થી ખેડૂતોને લેન્ડ સીડીંગ/ઈ-કેવાયસી/આધાર સીડીંગ બાકી હોય તો કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવી

**લેન્ડ સીડીંગ/ઈ-કેવાયસી/આધાર સીડીંગ બાકી હોય તેવા ખેડૂત લાભાર્થીઓ આગામી ૨૦માં હપ્તાથી વંચિત રહેશે**

। (માહિતી) પોરબંદર, તા.૮ ।

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ પાત્રતા ધરાવતા ખેડૂત પરિવારોને સરકાર દ્વારા વાર્ષિક રૂ. ૬,૦૦૦ની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૧૯ હપ્તાની સહાય રકમ સીધી લાભાર્થીઓના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવી છે.

પીએમ કિસાન યોજનાનો લાભ મેળવવા ખેડૂતો માટે ભારત સરકાર દ્વારા છેલ્લા આઠ હપ્તાથી તબક્કાવાર લેન્ડ સીડીંગ, આધાર સીડીંગ-ડીબીટી એનેબલ તથા ઈ-કેવાયસી ફરજીયાત કરવામાં આવ્યું છે. ઉપરોક્ત બાબતો પૈકી એકપણ બાબત પૂર્ણ ન થઈ હોય તો લાભાર્થી યોજનાનો લાભ મેળવવાથી વંચિત રહે છે. આ માટે રાજ્યના જે લાભાર્થી ખેડૂતોના હપ્તા ઉક્ત બાબતો પૈકી કોઈ કારણોસર બંધ થયા હોય, તો ખેડૂતોએ સત્વરે તે કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

ટૂંક જ સમયમાં પીએમ કિસાન યોજનાનો આગામી ૨૦મો હપ્તો રીલીઝ થવાનો હોવાથી, કોઈપણ ખેડૂત લાભાર્થી લાભથી વંચિત ન રહી જાય તે માટે ખેડૂતોએ પેન્ડીંગ કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવી અનિવાર્ય છે.

સીડીંગની કાર્યવાહી કેવી રીતે કરવી?

લેન્ડ સીડીંગ બાકી હોય તેવા ખેડૂતોએ જમીનની અદ્યતન વિગતો સાથે ગામના વિલેજ નોડલ ઓફીસર, ગ્રામ સેવક અથવા સંબંધિત જિલ્લા ખેતાવાડી અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

આધાર સીડીંગ બાકી હોય તેવા ખેડૂત લાભાર્થીઓએ લાભાન્વિત બેંકમાં આધાર કાર્ડ સાથે ઉપસ્થિત રહી આધાર સીડીંગ-ડીબીટી એનેબલ કરાવી લેવાનું રહેશે અથવા નજીકની પોસ્ટ ઓફીસ ખાતે આધાર કાર્ડ સાથે ઉપસ્થિત રહી ઈન્ડીયા પોસ્ટ પેમેન્ટ બેંકમાં આધાર સીડીંગ-ડીબીટી એનેબલ સાથેનું નવું ખાતુ ખોલાવી લેવાનું રહેશે.

ઈ-કેવાયસી બાકી હોય તેવા લાભાર્થીઓએ આપના ગામના ગ્રામસેવક અથવા વિલેજ નોડલ ઓફીસરનો સંપર્ક કરીને ફેસ ઓથેન્ટીકેશન દ્વારા ઈ-કેવાયસી કરાવી લેવાનું રહેશે અથવા નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) પર અને ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે પણ લાભાર્થી રૂ. ૧૫ ચાર્જ ચુકવીને બાયોમેટ્રિક ઓથેન્ટીફીકેશન દ્વારા ઈ-કેવાયસી કરાવી શકશે.

# વિસનગર ખાતે મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂપિયા ૪૯૫ કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ભૂમિપૂજનઃ ખાતમુહૂર્તઃ લોકાર્પણ

। (માહિતી) મહેસાણા, તા.૮ ।

તા. ૦૮ મે ના રોજ વિસનગર એપીએમસી ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે સિવિલ હોસ્પિટલ વિસનગર, તાલુકા પંચાયત તથા વિસનગર નગરપાલિકાની નવનિર્મિત બિલ્ડિંગના લોકાર્પણ સહિત રૂપિયા ૪૯૫ કરોડથી વધુના વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ભૂમિ પૂજન કરવામાં આવશે. જેમાં રૂપિયા ૪૨૩ કરોડથી વધુના ૭૬ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત તેમજ રૂપિયા ૭૨ કરોડથી વધુના ૧૮ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે.આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. નોંધનીય છે કે, નાગરિકોની આરોગ્યની સુખાકારી માટે રૂપિયા ૩૦ કરોડના ખર્ચે નવીન હોસ્પિટલ બિલ્ડીંગ, વિસનગર શહેરના નાગરિકોની સુખાકારી માટે રૂપિયા ૦૬.૭૦ કરોડના ખર્ચે નવીન નગરપાલિકા બિલ્ડીંગ તેમજ વિસનગર તાલુકાના ગ્રામ્યજનોનની સુખાકારી માટે રૂપિયા ૦૪.૪૭ કરોડના ખર્ચે નવીન તાલુકા પંચાયત બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવશે.

# સાબરકાંઠામાં જિલ્લા પ્રભારી મંત્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ




। સાબરકાંઠા, તા.૮ ।

સાબરકાંઠા જિલ્લામાં ઉદ્યોગ,લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ કુટીર, ખાદી અને ગ્રામ ઉદ્યોગ,નાગરિક ઉડ્ડયન શ્રમ અને રોજગાર અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં કલેકટર કચેરી સભાખંડ ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી.

સ્આ બેઠકમાં પ્રભારીમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે ઓપરેશન સિંદૂર માટે અભિનંદન પાઠવ્યા હતા. આ બેઠકમાં જિલ્લા આયોજન કાર્યક્રમની ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ તથા નગરપાલિકા વિવેકાધીન જોગવાઈ વર્ષ ૨૦૨૫-૨૬નું આયોજન મંજૂર કરવામાં આવ્યું હતું. અને ખાસ પ્લાન (બક્ષીપંચ)નું આયોજન રજૂ કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૫-૨૬ માં સાબરકાંઠાના વિકેન્દ્રિત જિલ્લા આયોજનની વિવિધ જોગવાઈ પૈકી ૧૫% વિવેકાધીન જોગવાઈ હેઠળ ૬૪૫ કામો માટે રૂ.૧૦૧૫ લાખ, ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ અંતર્ગત ૨૦ કામો માટે રૂ.૩૨.૫૦ લાખ, ખાસ પ્લાન (બક્ષીપંચ) યોજના અંતર્ગત ૧૦ કામો માટે ૨૩.૫૦ લાખ,જિલ્લાની નગરપાલિકાઓના ૧૮ કામો માટે ૧૫૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત સસંદસભ્ય અને ધારાસભ્ય ગ્રાન્ટની પણ સમીક્ષા કરવામાં આવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે જિલ્લાના મંજૂર થયેલા પ્રજાલક્ષી વિકાસ કામો ઝડપથી પૂર્ણ કરવા અને કામોના પ્રગતિ અહેવાલ સમયાંતરે જિલ્લા કલેક્ટરશ્રીને મોકલી આપવાનું રહેશે. તેમજ તેની જાણ પ્રભારી મંત્રીશ્રીને કરવાની રહેશે. જિલ્લાના અધિકારીશ્રીઓએ વિકાસના કામો કયા સ્ટેજે છે અને કેટલી પ્રગતિ થઈ તેનો રિપોર્ટ પ્રભારી મંત્રીશ્રીને સમયમર્યાદામાં મોકલી આપવા જણાવ્યું હતું. વિકાસના કામો ઝડપથી પૂર્ણ થાય અને લોકોની સુખાકારીમાં વધારો થાય તે જોવા ઉપર ભાર મૂક્યો હતો. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભારતીબેન પટેલ, સાંસદશ્રી શોભનાબેન બારૈયા, સાંસદશ્રી રમીલાબેન બારા, હિંમતનગર ધારાસભ્યશ્રી વી ડી ઝાલા, પ્રાંતિજ ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર તથા તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ ઉપસ્થિત રહીને રચનાત્મક સૂચનો કર્યા હતા.

# ખેરાલુ તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (મનરેગા) અંતર્ગત બાગાયતી કામો સંદર્ભે સ્પષ્ટતા

। (માહિતી) મહેસાણા, તા.૮ ।

ખેરાલુ તાલુકા વિકાસ અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ખેરાલુ તાલુકામાં મનરેગા યોજના અંતર્ગત રાષ્ટ્રીય આજીવિકા મીશન (એન.આર.એલ.એમ) યોજનાની સખી મંડળની બહેનોને સરકારશ્રીની લખપતી દીદી બનાવવાની જોગવાઈઓ અંતર્ગત રોજગારી મળી રહે તેમજ ગ્રામીણ વિસ્તારમાં નાના અને સીમાંત ખેડૂતોને બાગાયતી વ્યકિતગત કામનો રોજગારીનો લાભ મળે તે હેતુથી ડભાડ, લુણવા, મંડાલી, કુડા, સમોજા, સંતોકપુરા (વિઠોડા) સાકરી વિગેરે ગામના લાભાર્થીની ગ્રામ પંચાયતના ઠરાવથી પસંદગી કરી દરખાસ્તો તાલુકા કક્ષાએ રજુ કરતાં નિયમોનુસાર દરખાસ્ત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, મહેસાણાને કરતાં તા.૧૫/૦૩/૨૦૨૪થી કામોની વહીવટી મંજુરી મળતાં લાભાર્થીઓને કામના વર્કઓર્ડર આપવામાં આવ્યા હતા. મનરેગા યોજનાની ગાઈડ લાઈનમાં વ્યકિતગત કામોમાં લાભાર્થી રોપા સરકાર માન્ય ભાવોથી (N.H.B) માન્ય નર્સરીમાંથી ખરીદ કરવાની જોગવાઈઓ મુજબ આ કામો માટે રોપા ખરીદવાની કાર્યવાહી લાભાર્થીઓ ધ્વારા કરવાની હોઈ આ બાબતે કોઈ એજન્સી નક્કી કરવાની થતી નથી તેમજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, મહેસાણાની તા.૨૦/૦૧/૨૦૨૪ ની સમિતી ધ્વારા નકકી કરેલ ભાવથી ખરીદ કરવાની કાર્યવાહી થયેલ છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોના સચિવો સાથે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી.

## ન્યૂઝ બ્રિફ

## ઓપરેશન સિંદૂર પછી પાક. મંત્રી આસીફ ઢીલા પડી ગયા

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૮ ।

'ભારત જો લશ્કરી પગલાં લેશે તો તેનો કટ્ટર જવાબ આપવામાં આવશે' તેમ કહેનારા પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસીફ 'ઓપરેશન સિંદૂર' કે જેમાં બે મહિલા પાયલોટે તબાહી બોલાવી દીધી હતી, તે પછી ઢીલા પડી ગયા છે તે તબાહી બોલાવનાર બે મહિલા પાયલોટ હતી તે પૈકીની એક પાયલોટ તો મુસ્લીમ હતી. ભારતે જાણી જોઈને એક મુસ્લીમ મહિલા પાયલોટ પણ મુકી હશે જેથી પાકિસ્તાનની આંખ ઉઘડે.બ્લુમ્બર્ગ ટીવીને આપેલી મુલાકાતમાં આજે (બુધવારે) ખ્વાજા આસીફનું વલણ તદન બદલાયેલું લાગતું હતું. તેઓએ ભારત સાથે તંગદિલી ઘટાડવાના સ્પષ્ટ સંકેતો આપ્યા હતા.નિરીક્ષકોનું માનવું છે કે, 'ઓપરેશન સિંદૂર' પછી પાકિસ્તાન હોસ્ટિલિરી (વિરોધ) સમેટી લેવા તૈયાર છે. પૂર્વે કરેલાં કથન પછી પાછા પગલાં ભરતા તેઓએ કહ્યું હતું કે મંત્રણા માટે દ્વાર ખુલ્લાં જ છે. આમ છતાં ભારત પાકિસ્તાન વચ્ચે એપ્રિલ ૨૨માં થયેલા આતંકી હુમલા પછી વધેલી તંગદિલી વિષે તેઓએ કહ્યું હતું કે, 'આ હુમલો ભારતે જ કરાવ્યો હતો તેમ છતાં જો ભારત પાછા પગલાં ભરવા તૈયાર હોય તો અમારે માત્ર તેનો યોગ્ય પ્રત્યુત્તર જ આપવાનો રહે છે.'

## રશિયાએ બંને દેશો વચ્ચે સૈન્ય અથડામણ વિશે ચિંતા વ્યક્ત કરી

। (એજન્સી) મોસ્કો, તા.૮ ।

ભારતીય સેનાએ પાકિસ્તાનને 'ઓપરેશન સિંદૂર' દ્વારા આતંકવાદ સામે જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતે પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણા પર હુમલો કર્યો હતો. ભારત તરફથી કરવામાં આવેલી એર સ્ટ્રાઈક બાદ રશિયાની પ્રતિક્રિયા સામે આવી છે. જેમાં રશિયાએ બંને દેશો વચ્ચે સૈન્ય અથડામણ વિશે ચિંતા વ્યક્ત કરી હતી. રશિયાના વિદેશ મંત્રાલયની પ્રવક્તા મારિયા મારિયા ઝાખારોવાએ કહ્યું કે, 'પહલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા સૈન્ય અથડામણથી અમે ખૂબ ચિંતિત છીએ. રશિયા આતંકવાદની નિંદા કરે છે અને તેના તમામ સ્વરૂપોનો વિરોધ કરે છે.

## ત્રણ ખેલાડીઓના નામે ૫૦૦ રનથી વધારે બનવાનો રેકોર્ડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

આઈપીએલ ૨૦૨૫માં ગુજરાત ટાઈટન્સની ટીમ ફરી એકવાર પોઈન્ટ ટેબલમાં પહેલા નંબરે પહોંચી ગઈ છે. મંગળવારે રાત્રે ગુજરાતનો સામનો ૫ વખતની આઈપીએલ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ સાથે થયો, જેમાં શુભમન ગિલની ગુજરાતે હાર્દિક પાંડ્યાની મુંબઈને ૩ વિકેટથી ધૂળ ચટાડી દીધી હતી. જ્યારે આ સીઝન ગુજરાત ટાઈટન્સે એક એવું કારનામું કરીને દેખાડ્યું છે કે આજ સુધી આઈપીએલમાં આરસીબી, સીએસકે અને મુંબઈ ઈન્ડિયન્સ જેવી ટીમો પણ કરી શકી નથી. IPL 2025માં ગુજરાત ટાઈટન્સની ટીમ ખૂબ જ સારી લયમાં દેખાઈ રહી છે. અત્યાર સુધી રમાયેલી ૧૧ મેચોમાંથી ગુજરાતે ૮ મેચ જીતી છે. ટીમના ટોચના ૩ બેટ્સમેન પણ દરેક મેચમાં રન બનાવી રહ્યા છે.

### કોઈ પથ્થર ફેંકે તો ફૂલ ફેંકો પણ'

# ઓપરેશન સિંદૂર અંગે વિરેન્દ્ર સહેવાગનું રિએક્શન વાયરલ

### જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓના મોત થઈ ગયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓના મોત થઈ ગયા હતા. ભારતે આ હુમલાનો બદલો લીધો છે.



ભારતની ત્રણેય સેનાઓએ મોટી કાર્યવાહી કરતાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી ઠેકાણાનો ખાતમો બોલાવી દીધો છે. ભારતીય સેનાએ ૭ મેના રોજ મોડી રાત્રે પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદીઓના ઠેકાણા પર એકસાથે અનેક હુમલા કર્યા હતા. આ હુમલામાં ૯૦ આતંકવાદીઓનો સફાયો થઈ ગયો છે. હવે ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર વીરેન્દ્ર સહેવાગે 'ઓપરેશન સિંદૂર' પર હૃદયસ્પર્શી પ્રતિક્રિયા આપી છે.સહેવાગે ઠ પર પોસ્ટ કરીને લખ્યું કે, 'જો કોઈ તમારા પર પથ્થર ફેંકે તો ફૂલ ફેંકો પણ કૂંડા સાથે. જય હિન્દ ઓપરેશન સિંદૂર, એકદમ યોગ્ય નામ.'


વીરેન્દ્ર સેહવાગે ૧૪ ટેસ્ટ મેચ, ૨૫૧ વનડે અને ૧૯_૨ઠે મેચ રમી છે. ટેસ્ટ ક્રિકેટમાં તેણે ૨૩ સદી અને ૩૨ અડધી સદીની મદદથી ૮૫૮૬ રન બનાવ્યા છે. સહેવાગના નામે વન-ડેમાં ૮,૨૭૩ રન છે, જેમાં ૧૫ સદી અને ૩૮ અડધી સદી સામેલ છે. સહેવાગે T20 ઈન્ટરનેશનલમાં ૩૯૪ રન બનાવ્યા હતા. સેનાની આ કાર્યવાહી બાદ દેશના ઘણા વર્તમાન અને પૂર્વ ક્રિકેટરોએ સેનાને સલામી આપી છે અને 'જય હિન્દ'ના નારા લગાવ્યા છે. સચિન તેંડુલકર, વીરેન્દ્ર સહેવાગ, ગૌતમ ગંભીર, આકાશ ચોપરા અને પ્રજ્ઞાન ઓઝા, સુરેશ રૈનાએ સેનાના વખાણ કર્યા છે. બીજી તરફ ટીમ ઈન્ડિયા અને કોલકાતા નાઈટ રાઈડર્સના ખેલાડી વરુણ ચક્રવર્તીએ પણ સોશિયલ મીડિયા પર 'ઓપરેશન સિંદૂર'ની એક તસવીર શેર કરી હતી, જેને સેના દ્વારા જાહેર કરવામાં આવી હતી.

### મલ્લિકાર્જુન ખડગેએ આપી પ્રતિક્રિયા

## અમે આતંકવાદ સામેની દરેક કાર્યવાહીમાં સરકારની સાથે છીએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતીય સેના દ્વારા પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવા માટે કરવામાં આવેલી કાર્યવાહી પર કોંગ્રેસે મોટું નિવેદન આપ્યું છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે અમે આતંકવાદ સામેની દરેક કાર્યવાહીમાં સરકારની સાથે ઉભા છીએ. અમારો સરકારને સંપૂર્ણ ટેકો છે. આ ઓપરેશન હાથ ધરનારા બહાદુર સૈનિકોને અમે સલામ કરીએ છીએ. આ દરમિયાન, લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું, "અમારી કાર્યસમિતિમાં આ બાબતે ચર્ચા કરી. અમે ભારતીય સેનાને સંપૂર્ણ સમર્થન આપીએ છીએ. આ કાર્યવાહી માટે અમે તેમને શુભકામનાઓ પાઠવીએ છીએ. કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસ કાર્યકારી સમિતિ તરફથી સંપૂર્ણ સમર્થન છે." તમને જણાવી દઈએ કે ભારતીય સેના દ્વારા પાકિસ્તાન સ્થિત આતંકવાદી છાવણીઓ પર કરવામાં આવેલા હુમલા બાદ કોંગ્રેસ દ્વારા એક કટોકટી બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, મહાસચિવ કેસી વેણુગોપાલ અને અન્ય વરિષ્ઠ પક્ષના નેતાઓએ વર્તમાન સુરક્ષા પરિસ્થિતિ અંગે ચર્ચા કરી. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ



કહ્યું હતું કે, ભારતે આતંકવાદને ખત્મ કરવા માટે જવાબ આપ્યો છે. આતંકવાદીઓ જમ્મુ અને કાશ્મીરમાં વિકાસ અટકાવવા માંગે છે. ટીઆરએફ લશ્કર સાથે જોડાયેલું સંગઠન છે. પહલગામ હુમલામાં TRF સામેલ છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ ઓપરેશન સિંદૂર પર પ્રતિક્રિયા આપી છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને લખ્યું, "અમને આપણા સશસ્ત્ર દળો પર ખૂબ ગર્વ છે. આપણા બહાદુર સૈનિકો આપણી સ્વતંત્રતા અને અખંડિતતાનું રક્ષણ કરે છે. ભગવાન તેમનું રક્ષણ કરે અને તેમને ધીરજ અને બહાદુરીથી પડકારોનો સામનો કરવા માટે અપાર હિંમત આપે. જય હિન્દ." કોંગ્રેસ નેતા પવન ખેડાએ ઓપરેશન સિંદૂર પર કહ્યું હતું કે, "અમને અમારી સેના પર ખૂબ ગર્વ છે. જો કોઈ ભારત કે ભારતના કોઈપણ નાગરિક તરફ આંખ ઉંચી કરશે અને કોઈપણ આતંકવાદી પ્રવૃત્તિને અંજામ આપવાનો પ્રયાસ કરશે તો તેનું પરિણામ આ જ આવશે.

### ભારતીય સૈન્ય જવાન શહીદ

## જમ્મુ-કાશ્મીરના પૂંછમાં પાકિસ્તાને ફરી કર્યુ સીઝફાયર ઉલ્લંઘન

। (એજન્સી) જમ્મુ-કાશ્મીર, તા.૮ ।

જમ્મુ-કાશ્મીરના પૂંછમાં ભારતીય અને પાકિસ્તાની સેના વચ્ચે ગોળીબાર ચાલી રહ્યો છે. આ ગોળીબારમાં ભારતીય સેનાના એક સૈનિકને ગોળી વાગી હતી અને તે શહીદ થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે ૭ મેના રોજ ભારતીય સેનાએ આતંકવાદ વિરુદ્ધ ઓપરેશન સિંદૂર ચલાવ્યું હતું, ત્યારથી સરહદ પર સતત ગોળીબાર ચાલુ છે. ભારતીય સેના દ્વારા નાગરિકોને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખતાં આતંકવાદીઓને જ નિશાન બનાવતું ઓપરેશન સિંદૂર હાથ ધરાયા બાદ પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ આવી રહ્યું નથી. ગઈકાલે જમ્મુ-કાશ્મીરના પૂંછમાં આવેલી LOC ખાતે સીઝફાયરનું ઉલ્લંઘન કરતાં ઓછામાં ઓછા ૧૫ નાગરિકોના મોત થયા છે. જ્યારે ૪૩ જેટલા ઘાયલ થયા છે.

### પ્રિસિજન સ્ટ્રાઈક વેપન સિસ્ટમ કે જેણે સચોટ હુમલામાં મદદ કરી

## એલએમએસ ડ્રોન : આતંકીઓને ઉંઘતા જ ફુંકી મારનાર અમોઘ શસ્ત્ર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારત દ્વારા છઠ્ઠી મેના રોજ પાકિસ્તાન અને પીઓકેમાં આવેલા આતંકી ઠેકાણાઓ ઉપર જે મિસાઈલ સ્ટ્રાઈક કરવામાં આવી તેની ચારે તરફ ચર્ચા છે. ભારતે નિર્દોષ નાગરિકોને નહીં પણ આતંકવાદીઓ અને તેમના લોન્ચપેડને ટાર્ગેટ કરીને ધ્વસ્ત કરી શકે તેવી વિશેષ મિસાઈલ્સ અને વેપન સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જાણકારોના મતે ભારતે પ્રેસિજન સ્ટ્રાઈક વેપન સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો. આ એવી વોરહેડ સિસ્ટમ છે જે ટાર્ગેટ જગ્યાને જ નિશાન બનાવે છે. આ સિસ્ટમનો ફાયદો એ છે કે, ટાર્ગેટ સિવાય મિનિમમ કોલેટરલ ડેમેજ થાય છે.

### ટ્રમ્પ સરકારે અત્યાર સુધીમાં ૩૮૦ જેટલાં ગ્રાન્ટ પ્રોજેક્ટ્સ બંધ કર્યા છે

## ટ્રમ્પે સહાય બંધ કરતાં યુરોપનું વિજ્ઞાનીઓ, સંશોધકોને આકર્ષવા અભિયાન શરૂ કર્યું

। (એજન્સી) પેરિસ, તા.૮ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વૈવિધ્યતા, સમાનતા અને સર્વસમાવેશકતા સાથે સંકળાયેલા મુદ્દાઓ પર રિસર્ચ અંગેની વિવિધ નાણાકીય સહાયો અટકાવી દીધાં બાદ યુરોપીયન સંઘે વિશ્વભરમાંથી વિજ્ઞાનીઓ અને સંશોધકોને આકર્ષવા અભિયાન શરૂ કર્યું છે. અમેરિકા દ્વારા વિવિધ રિસર્ચ પ્રોગ્રામો માટેની સહાય બંધ કરવા અંગે એક કાર્યક્રમ દરમિયાન પ્રતિક્રિયા આપતાં ળાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુએલ મેક્રોંએ પેરિસમાં જણાવ્યું હતું કે, થોડાં વર્ષ અગાઉ કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે, આ પ્રોગ્રામમાં 'વૈવિધ્યતા' શબ્દ હોવાના બહાના હેઠળ વિશ્વની સૌથી મોટી લોકશાહી રિસર્ચ પ્રોગ્રામ્સને રદ કરી દેશે. તેમણે વિશ્વના વૈજ્ઞાનિકોને વિજ્ઞાનના વિકાસ માટે યુરોપની પસંદગી કરવા આહ્વાન આપ્યું હતું. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ઉલ્લેખ કર્યા વગર તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વિજ્ઞાન અને સંશોધન કેટલાંક ગણતરીના લોકોના આદેશોના આધારે ના ચાલી શકે. સોરબોન યુનિવર્સિટીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપ સ્થિત રહેલાં યુરોપીયન સંઘના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લિયેને જણાવ્યું હતું કે, આ ક્ષેત્રમાં શ્રેષ્ઠ સંશોધનને વેગ આપવા માટે યુરોપીયન સંઘ લાંબા ગાળા માટે 'સુપર ગ્રાંટ' કાર્યક્રમ શરૂ કરશે. યુરોપને સંશોધકોને આકર્ષતું લોહચુંબક બનાવવા માટે વર્ષ ૨૦૨૫-૨૦૨૭ માટે ૫૬૬ મિલિયન ડોલરની રકમ ફાળવવામાં આવશે તેમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, આ ભંડોળ યુરોપ ીયન રિસર્ચ કાઉન્સિલને ફાળવવામાં આવશે. ટ્રમ્પના નામનો ઉલ્લેખ કર્યા વગર લિયેને જણાવ્યું હતું કે, મુક્ત અને સ્વતંત્ર સંશોધનને ઓછું આંકવું એ એક મોટી ભૂલ છે.

## દુનિયામાં આતંકવાદ માટે કોઈ સ્થાન નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતીય સેનાએ પાકિસ્તાનને 'ઓપરેશન સિંદૂર' દ્વારા આતંકવાદ સામે જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતે પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણા પર હુમલો કર્યો હતો. ભારત તરફથી કરવામાં આવેલી એર સ્ટ્રાઈક બાદ મહાન ક્રિકેટર સચિન તેંડુલકરે સેનાની શક્તિને બિરદાવી પોતાની પ્રતિક્રિયા આપી છે. ૨૨ મી એ જમ્મુ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો ભારતે જડબાતોડ જવાબ આપ્યો છે. આ આતંકી હુમલામાં હિન્દુઓને ટાર્ગેટ કરાયા હતા. ત્યારે આ ઓપરેશન સિંદૂરને લઈને ક્રિકેટ જગતમાં પણ ઉત્સાહ જોવા મળ્યો છે. સચિન તેંડુલકરે તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોતાની પ્રતિક્રિયા શેર કરી છે. આ પ હેલા ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સેલેબ્સની પ્રતિક્રિયા પણ આવી હતી. સચિન તેંડુલકરે પોતાના ટ હેન્ડલ પર લખ્યું કે, 'ભારતની તાકાત અપાર છે અને તેની એકતા તેની નિર્ભયતાનો પુરાવો છે. ભારતની ઢાલની વાત કરીએ તો, તે તેના લોકો છે. જય હિન્દ.' પાકિસ્તાનને આ સંદેશ આપ્યો છે કે આ દુનિયામાં આતંકવાદ માટે કોઈ સ્થાન નથી. જ્યારે પણ આપણે આતંક કે આતંકવાદનો સામનો કરીશું, ત્યારે આપણે એક ટીમ તરીકે ઉભા રહીશું.

## ઓપરેશન સિંદૂર પર વિનેશ ફોગાટની ઈમોશનલ પોસ્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓએ જીવ ગુમાવ્યા હતા. જેના બદલામાં ભારતીય સેનાની ત્રણેય પાંખ દ્વારા ગઈકાલે મોડી રાત્રે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી નવ આતંકી સ્થળોને નષ્ટ કરવામાં આવ્યા હતા. સેનાની આ કાર્યવાહીને દેશભરમાં બિરદાવવામાં આવી રહી છે. ૬ મેની રાત્રિએ ભારતીય સેનાએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK) માં આતંકવાદીઓના ઠેકાણાઓ પર એક સાથે અનેક હુમલાઓ કર્યા. આ હુમલાઓમાં ઘણા આતંકવાદીઓ માર્યા ગયા છે. ભારતીય સેનાની આ કાર્યવાહીને આખો દેશ સલામ કરી રહ્યો છે.ત્યારે હવે રેસલર અને કોંગ્રેસના ધારાસભ્ય વિનેશ ફોગાટે આ અંગે ઈમોશનલ પ્રતિક્રિયા આપી છે. વિનેશે તેના સોશિયલ મીડિયા પ્લેટફોમ ઠ પર લખ્યું, 'ભારતીય સેના પોતાનો જીવ જોખમમાં મૂકીને દેશ પર થયેલા આતંકવાદી હુમલાનો જડબાતોડ જવાબ આપી રહી છે. ભારત માતાની રક્ષા અને આપણા દરેકની સુરક્ષા અને શાંતિ માટેની આ લડાઈમાં તમારા જુસ્સા અને બહાદુરીને સલામ. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તે દરેક પગલે તમારી રક્ષા કરે અને તમને જલ્દીથી વિજય અપાવે. જય હિંદ, વંદે માતરમ.' પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ માં ભારતીય રેસલર વિનેશ ફોગાટે મહિલાઓની ૫૦ કિગ્રા ફ્રી સ્ટાઈલ કુસ્તીની ફાઈનલમાં પહોંચી ગઈ હતી. ભારતીય ચાહકોને આશા હતી કે, વિનેશ ફોગાટ ફાઈનલ મેચ જીતીને ઈતિહાસ રચશે કારણ કે રેસલિંગમાં ભારતે હજુ સુધી ઓલિમ્પિક કોઈ ગોલ્ડ જીત્યો નથી. પરંતુ ફાઈનલ મેચ પહેલા તેનું વજન માપવામાં આવ્યું ત્યારે તેનું વજન ૧૦૦ ગ્રામ વધુ હોવાથી પેરિસ ઓલિમ્પિકમાંથી તેને ગેરલાયક ઠેરવવામાં આવી હતી.

## ભારતની એર સ્ટ્રાઈક બાદ પાકિસ્તાનની પોલ ખુલી ગઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલાના જવાબમાં ભારતીય એરફોર્સની એર સ્ટ્રાઈકમાં પાકિસ્તાનમાં ઢગલાબંધ ઠેકાણા ઉડાવી દીધા છે અને કેટલાય આતંકીઓ મર્યા પણ છે. હવે આ આતંકીઓના જનાજામાં પાકિસ્તાની આર્મી ઓફિસર અને જવાનો મોટી સંખ્યામાં દેખાઈ રહ્યા છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે, પાકિસ્તાની સેનાએ જ આતંકીઓને આશરો અને ટ્રેનિંગ આપવા માટે સામાન અને આર્થિક મદદ પણ કરી રહ્યું છે. એવી તસવીર સામે આવી છે, જેમાં જોઈ શકાય છે કે, પાકિસ્તાની સેનાના મોટા ઓફિસર આતંકીઓના જનાજામાં સામેલ થઈ રહ્યા છે. પાકિસ્તાની મીડિયામાં પણ કહેવાયું છે કે, પાકિસ્તાની સેનાના કર્મી અને હાફિઝ સઈદના પ્રતિબંધિત જમાત ઉદ દાવાના સભ્ય લાહોરથી લગભગ ૪૦ કિમી દૂર મુરીદકેમાં આતંકવાદી જૂથના હેડક્વાર્ટર પર ભારતીય સૈન્ય હુમલામાં માર્યા ગયેલા ત્રણ લોકોના જનાજાની નમાઝમાં બુધવારે સામેલ થયા. જમાત-ઉદ-દાવાની રાજકીય શાખા પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગના પ્રવક્તા તબીશ કય્યૂમે જણાવ્યું કે, કારી અબ્દુલ મલિક, ખાલિદ અને મુદસ્સિરના જનાજાની નમાઝ મુરીદકેમાં કડક સુરક્ષાની વચ્ચે પઢવામાં આવી. કય્યૂમે કહ્યું કે, જનાજાની નમાઝમાં સિવિલ નોકરશાહીના સભ્યો પણ હાજર હતા.

### બનાસકાંઠા જિલ્લો અવ્વલ । આ વર્ષે બોર્ડનું ૮૩.૦૮ ટકા પરિણામ જાહેર થયું છે, જે ગત વર્ષ કરતા ૦.૫૨ ટકા પરિણામ વધુ છે

# ગુજરાત બોર્ડનું ધોરણ ૧૦નું ૮૩.૦૮ ટકા પરિણામ જાહેર

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૫ માં લેવામાં આવેલી ધોરણ ૧૦ની પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.

આ વર્ષે બોર્ડનું ૮૩.૦૮ ટકા પરિણામ જાહેર થયું છે. જે ગત વર્ષ કરતા ૦.૫૨ ટકા પરિણામ વધુ છે. ગત વર્ષે ધોરણ ૧૦નું ૮૨.૫૬ ટકા પરિણામ આવ્યું હતું. ધોરણ ૧૦માં અંગ્રેજી માધ્યમનું પરિણામ ૯૨.૫૮ ટકા, ધોરણ ૧૦માં ગુજરાતી માધ્યમનું પરિણામ ૮૧.૭૯ ટકા, ધોરણ ૧૦માં હિન્દી માધ્યમનું પરિણામ ૭૬.૪૭ ટકા નોંધાયું છે.ધોરણ ૧૦નું પરિણામ જાહરે થતાં આ વર્ષે ૮૯.૨૯ ટકા સાથે સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો બનાસકાંઠા બન્યો છે. જ્યારે ૭૨.૫૫ ટકા સાથે સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો ખેડા છે. ૧૦૦ ટકા પરિણામ વાળી સ્કૂલોની વાત કરવામાં આવે તો આ



વર્ષે ૧૫૭૪ સ્કૂલોમાં ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે, ૨૦૧ સ્કૂલોમાં ૩૦ ટકા થી ઓછું પરિણામ આવ્યું છે. જ્યારે ઝીરો ટકા પરિણામ વાળી સ્કૂલો ૪૫ છે.મહેસાણાના કાંસા કેન્દ્રનું સૌથી વધુ ૯૯.૧૧ ટકા પરિણામ આવ્યું છે, ભાવનગરના ભોળાદ કેન્દ્રનું પરિણામ પણ ૯૯.૧૧ ટકા અને સૌથી ઓછું પરિણામ ખેડાના અંબાવ કેન્દ્રનું ૨૯.૫૬ ટકા આવ્યું છે, સૌથી વધુ પરિણામ બનાસકાંઠા જિલ્લાનું ૮૯.૨૯ ટકા છે, સૌથી ઓછું પરિણામ ખેડા જિલ્લાનું ૭૨.૫૫ ટકા અને ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ ૧૫૭૪ છે. આ વર્ષે વિદ્યાર્થિનીઓ વિદ્યાર્થી કરતા ૭.૬૮ ટકા આગળ રહી બાજી મારી છે. વિદ્યાર્થીઓનું પરિણામ ૭૯.૫૬ ટકા આવ્યું છે જ્યારે વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૭.૨૪ ટકા આવ્યું છે.

રાજ્યની ૧૫૭૪ શાળાનું ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું છે. રાજ્યની ૨૦૧ શાળાનું ૩૦ ટકાથી ઓછુ પરિણામ જાહેર થયું છે. ૪૫ શાળાઓનું પરિણામ શૂન્ય ટકા આવ્યું છે. રાજ્યમાં છ૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮ હજાર ૫૫ છે તો રાજ્યમાં છ૨ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૬ હજાર ૪૫૯ છે. ધો. ૧૦માં ફરી વિદ્યાર્થી કરતા વિદ્યાર્થિનીઓએ મારી બાજી મારી છે. ધો. ૧૦માં વિદ્યાર્થીઓનું પરિણામ ૭૯.૫૬ ટકા જાહેર થયું છે તો ધો. ૧૦માં વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૭.૨૪ ટકા જાહેર થયું છે.

### ધોરણ ૧૦માં મેળવ્યા ૯૯.૯૯ પર્સન્ટાઈલ

## કલરકામ કરનારા પિતાના દીકરાએ બોર્ડમાં બાજી મારી

રાજકોટના અંબાજી કડવા પ્લોટમાં કલર કામ કરતા પિતાના પુત્ર એ બોર્ડમાં મેદાન માર્યું. સમીર જીતેન્દ્રભાઈ ગોહેલએ ધોરણ ૧૦ માં ૯૯.૯૯ પર્સન્ટાઈલ મેળવ્યા છે. સમીરના પિતા કલર કામ કરે છે. ત્યારે સમીરે પિતાનું નામ રોશન કર્યું છે. મધ્યમ વર્ગીય પરિવારના દીકરા દીકરીઓ મેદાન મારી રહ્યા છે. સમીરના માતા-પિતાએ પણ ખુશી વ્યક્ત કરી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કર્યા બાદ આજે ધોરણ-૧૦ બોર્ડનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું છે. આપણે ત્યાં એક કહેવત છે કે સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાઈ, અત્યારે આ કહેવત શબ્દસઃ સાચી ઠરી છે. રાજકોટ શહેરમાં સાધારણ પરિસ્થિતિમાં ધોરણ ૧૦ માં અભ્યાસ કરનાર સમીર ગોહેલ ધોરણ ૧૦માં ૯૯.૯૯ પીઆર સાથે બોર્ડ પ્રથમ આવ્યો હોવાનું સામે આવ્યું છે. ઝી ૨૪ કલાક સાથેની વાતચીતમાં સમીર ગોહિલે જણાવ્યું કે, તેના ૬૦૦ માંથી ૫૯૩ માર્કસ આવ્યા છે. સાયન્સ, સોશિયલ સ્ટડી, ઈંગલિશ તેમજ સંસ્કૃતમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્ક્સ આવ્યા છે. તેમજ મેથ્સમાં ૯૯ માર્કસ આવ્યા છે. મારા પિતા જીતેન્દ્રભાઈ ફર્નિચર કામ તેમજ કલર કામકાજ સાથે સંકળાયેલા છે.

## જાગફળીમાં ઘરની અગાસીનો સ્લેબ તૂટી યુવક પર પડતા મોત

। (એજન્સી) વિરમગામ, તા.૮ ।

વિરમગામ શહેરના કમોસમી વરસાદ જાગફળી વિસ્તારમાં આવેલ રહેણાક મકાનની આરસીસી અગાસીનો સ્લેબ તૂટી પરિણીત પુરૂષ પર પડયો હતો. આરસીસીનો સ્લેબ તૂટીને પડતા ગંભીર ઈજાથી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. વિરમગામમાં છેલ્લા ત્રણ દિવસથી ભર ઉનાળે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. ગત રાત્રિના પવન અને વીજળીના કડાકાને ભડાકા સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. શહેરના જાગફળી વિસ્તારમાં રહેણાંક મકાનનો આરસીસી અગાસી સ્લેબ તૂટી બહાર ઊભેલ ૪૫ વર્ષીય પરિણીત પુરુષ રોહિત ઠાકોર ઉપર પડતા ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલ ખસેડાવમાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું કરૂણ મોત નિપજ્યું હતું. મૃતકની લાશને પીએમ અર્થે વિરમગામ શહેરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતા

## મોરબીની સગીરા પર દુષ્કર્મ કેસમાં આરોપીને પાંચ વર્ષની સજા

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૮ ।

મોરબીની સગીરા સાથે વર્ષ ૨૦૧૭માં થયેલા દુષ્કર્મના બનાવમાં મોરબીની કોર્ટે આરોપી અને ગુનામાં મદદગારી કરનાર મહિલા સહિત ત્રણ શખ્સને પાંચ વર્ષની સજા ફટાકારી છે. કોર્ટે આરોપીઓને ચાર લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.મોરબી શહેરી વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરાને વર્ષ ૨૦૧૭માં લલચાવી ફોસલાવી અપહરણ કરી ચોટીલા ખાતે લઈ જઈ એક શખ્સે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આ ગુનામાં આરોપીને એક મહિલા સહિત અન્ય બે વ્યક્તીએ મદદગારી કરી હતી. આરોપીએ દુષ્કર્મ ગુજારી આ અંગે કોઈને જાણ કરશે તો સગીરા તેમજ તેના પરિવારને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે મોરબી એ-ડિવીઝન પોલીસ મથકે દુષ્કર્મ આચરનાર સહિત ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

### બોર્ડના વિદ્યાર્થીઓ માટે મોટી ખબર

## વિદ્યાર્થીઓને અપાતી પ્રોત્સાહક ઈનામની રકમમાં ૨૦ હજારનો વધારો

### પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને અપાતી રકમમાં વધારો કરી હવે અનુક્રમે રૂ.૫૧ હજાર, રૂ.૪૧ હજાર અને રૂ.૩૧ હજાર અપાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

રાજ્યમાં ધો. ૧૦ અને ૧૨ બોર્ડનું પરિણામ જાહેર કરાયું છે ત્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના નેતૃત્વમાં મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ" યોજના અંતર્ગત ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષામાં અનુસૂચિત જાતિ- SC તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ- SEBCનાં પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઈનામની રકમમાં વિવિધ કક્ષાએ રૂ. ૨૦ હજારનો સુધીનો વધારો કરાયો છે. રાજયકક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓની ઈનામી રકમમાં રૂ. ૨૦ હજારનો વધારો કરાયો. રાજ્યકક્ષાએ ધોરણ ૧૦-૧૨ના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને અપાતી રકમમાં વધારો કરી હવે અનુક્રમે રૂ.૫૧ હજાર, રૂ.૪૧ હજાર અને રૂ.૩૧ હજાર અપાશે.

રાજ્યમાં અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં વધુ રૂચિ કેળવીને સારી ટકાવારી પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થાય તે હેતુથી ધોરણ ૧૦ અને ૧૨નાં બોર્ડની પરીક્ષામાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓની પ્રોત્સાહક ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. આ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના સફળ માર્ગદર્શનમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ. ૫૩ લાખની નવી બાબતને મંજૂરી આપવામાં આવી છે. અનુસૂચિત જાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સ્પર્ધાત્મકતા કેળવાય તથા વધુમાં વધુ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વિકાસ સાધી શકે તે હેતુથી "છત્રપતિ શાહુજી મહારાજ પ્રોત્સાહક ઈનામ" યોજના અમલી બનાવાઈ છે. આ યોજના હેઠળ ધોરણ-૧૦ અને ૧૨નાં બોર્ડની પરીક્ષામાં રાજ્ય તથા જિલ્લા કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક ઈનામની રકમમાં વધારો કરવામાં આવ્યો છે તે અંતર્ગત રાજ્યકક્ષાએ ધો. ૧૦ અને ધો. ૧૨માં સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ ઉત્તર બુનિયાદી પ્રવાહ એમ ચાર પ્રવાહમાં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને પ્રોત્સાહક ઈનામમાં રૂ. ૨૦ હજારનો વધારો કરવામાં આવ્યો છે.

### મનપાની કચેરીના ધાબા પર સમારકામના કારણે

## નડિયાદની મનપા કચેરીના રેકર્ડ રૂમમાં મહત્વના દસ્તાવેજો પલળ્યાં

### બે દિવસથી વરસાદ છતાં અધિકારીઓની બેદરકારી પાણીના નિકાલ બાદ અધિકારીઓ ચેમ્બર આવ્યાં

। (એજન્સી) નડિયાદ, તા.૮ ।

નડિયાદ મનપાની કચેરીના ધાબા પર સમારકામ ચાલી રહ્યું છે. બે દિવસથી વરસાદ પડી રહ્યો છે.સમારકામની કામગીરી વચ્ચે મનપાના તમામ વિભાગોમાં પાણી ઉતર્યું હતું અને રેકર્ડ રૂમમાં પાણી ઉતરતા દસ્તાવેજો પલળી જતા નુકસાન થયું હતું. આ મામલે વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની બેદરકારી સામે આવી છે. નડિયાદ મનપાની બિલ્ડિંગના ધાબા પર ફ્લોર તોડવાની કામગીરી ચાલી રહી છે. છેલ્લા બે દિવસથી વરસાદ પણ પડી રહ્યો છે. આજે વહેલી સવારે નડિયાદ સહિત જિલ્લામાં વરસાદ પડયો હતો અને ફ્લોર તોડેલો હોવાથી મનપા કચેરીમાં પાણી ઉતર્યું છે. ચાર મહિનાના મપના મહત્વાના દસ્તાવેજો રેકર્ડ વિભાગમાં મૂકેલા હતા અને ત્યાં પાણી ઉતર્યુ છે.આ વિભાગના મોટાભાગના કાગળો પલળી ગયા છે. આ દસ્તાવેજોને છૂપાવવા માટે ઉચ્ચ અધિકારીઓથી માંડી કર્મચારીઓ દ્વારા રેકર્ડ રૂમમાં પ્રવેશબંધી ફરમાવી દીધી છે. મનપાના કમિશનરથી માંડી ડેપ્યુટી કમિશનર સહિત ઉચ્ચ અધિકારીઓ પોતાની ચેમ્બરમાં જતા પાણી જોવા મળ્યું હતું. એટલું જ નહીં પાણી નિકાલ થયા બાદ અધિકારીઓ ચેમ્બરમાં આવ્યા હતા. મનપામાં હવે ઉચ્ચાધિકારીઓના હાથમાં બાગડોર છે. આ વરસાદની આગાહી સપ્તાહ પહેલાથી જ હતી, તેવા સમયે મનપા દ્વારા રેકર્ડ સહિત વરસાદના કારણે કચેરીમાં નુકસાન ન થાય તે માટે આયોજન કરવાની જરૂર હતી. પરંતુ આગાહી હોવા છતાં રેકર્ડ સુરક્ષિત ન કરાતા ભારે નુકસાન થયુ છે.

## રીક્ષાચાલકના પુત્રએ ધોરણ ૧૦ મા મેળવ્યા ૯૯.૯૫ પર્સન્ટાઈલ

### ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં પણ જૈમીને તનતોડ મહેનત કરી જેનું પરિણામ આજે તેણે મળ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

આજે ધોરણ ૧૦નું પરિણામ આવી ગયું છે. ધોરણ ૧૦ બોર્ડનું રેકોર્ડબ્રેક ૮૩.૦૮ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં મહેસાણાના કાંસા કેન્દ્રનું સૌથી વધુ ૯૯.૧૧ ટકા પરિણામ આવ્યું છે. આ ઉપરાંત ભાવનગરના ભોળાદ કેન્દ્રનું પણ ૯૯.૧૧ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ખેડાના અંબાવ કેન્દ્રનું સૌથી ઓછુ ૨૯.૫૬ ટકા પરિણામ આવ્યું છે.

પરિશ્રમ એ જ પારસમણિ આજે ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયું છે ત્યારે અમદાવાદના એચબીકેમાં અભ્યાસ કરતા જૈમીન કાપ્સત જેને ધોરણ ૧૦ માં ૯૯. ૯૫ પર્સન્ટાઈલ અને ૯૮% આવ્યા છે. ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં પણ જૈમીને તનતોડ મહેનત કરી જેનું પરિણામ આજે તેણે મળ્યું છે. તમને જણાવી દઈએ કે, જૈમીનના પિતા અલ્પેશભાઈ રીક્ષા ચાલક છે. રીક્ષા ચલાવીને તેઓ પોતાનું ગુજરાન ચલાવે છે.

એક તરફ આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં પણ દીકરાના ભણવાની લગન જોઈને તેને ટ્યુશન પણ કરાવતા. જૈમીન પાછળ તેના માતા પિતાએ ખૂબ જ પરિશ્રમ કર્યો છે જેનું પરિણામ આજે જૈમીનને મળ્યું છે.

ધો. ૧૦ બોર્ડનું રેકોર્ડબ્રેક ૮૩.૦૮ ટકા પરિણામ જાહેર

મહેસાણાના કાંસા કેન્દ્રનું સૌથી વધુ ૯૯.૧૧ ટકા પરિણામ

ભાવનગરના ભોળાદ કેન્દ્રનું સૌથી વધુ ૯૯.૧૧ ટકા પરિણામ

ખેડાના અંબાવ કેન્દ્રનું સૌથી ઓછુ ૨૯.૫૬ ટકા પરિણામ

બનાસકાંઠા ૮૯.૨૯ ટકા સાથે સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો

ખેડા ૭૨.૫૫ ટકા સાથે સૌથી ઓછુ પરિણામ ધરાવતો જિલ્લો

રાજ્યની ૧૫૭૪ શાળાનું ૧૦૦ ટકા પરિણામ

રાજ્યની ૨૦૧ શાળાનું ૩૦ ટકાથી ઓછુ પરિણામ

૪૫ શાળાઓનું પરિણામ આવ્યું શૂન્ય ટકા

રાજ્યમાં છ૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨૮ હજાર ૫૫

રાજ્યમાં છ૨ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૬ હજાર ૪૫૯

ધો. ૧૦માં ફરી વિદ્યાર્થી કરતા વિદ્યાર્થિનીઓએ મારી બાજી

ધો. ૧૦માં વિદ્યાર્થીઓનું પરિણામ ૭૯.૫૬ ટકા

ધો. ૧૦માં વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૭.૨૪ ટકા

### પોલીસ-વાયુસેના આ મામલાની તપાસ કરી રહી છે

## કચ્છમાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક એક શંકાસ્પદ વિસ્ફોટ થયો

। (એજન્સી) કચ્છ, તા.૮ ।

ગુજરાતના કચ્છમાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક એક શંકાસ્પદ વિસ્ફોટ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, એક શંકાસ્પદ ડ્રોન હાઈ ટેન્શન પાવર લાઈન સાથે અથડાયું છે, જેના કારણે વિસ્ફોટ થયો છે. આ ઘટના સવારે ૬ વાગ્યાની આસપાસ ખાવડા ઈન્ડિયા બ્રિજ બોર્ડર વિસ્તાર પાસે બની હતી. પોલીસ અને વાયુસેના આ મામલાની તપાસ કરી રહી છે. સુરક્ષા એજન્સીઓ સતર્ક છે. આ ડ્રોન પાકિસ્તાન તરફથી સરહદ પારથી આવ્યું છે કે નહીં તેની હજુ સુધી પુષ્ટિ થઈ નથી. તેનો કાટમાળ એકઠો કરવામાં આવ્યો છે અને તેનો સ્રોત ક્યાં છે તેની તપાસ કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન સામે કડક વલણ અપનાવી રહ્યું છે. ભારતે મંગળવાર-બુધવારની રાત્રે પાકિસ્તાન અને પીઓકેમાં નવ સ્થળોએ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો, જેમાં ઘણા આતંકવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. ભારતના આ હુમલાથી પાકિસ્તાન ગુસ્સે છે અને સતત ધમકીઓ આપી રહ્યું છે. આવી સ્થિતિમાં, આ ડ્રોન પાકિસ્તાનથી આવ્યું છે કે નહીં તે પણ આ દ્રષ્ટિકોણથી તપાસ કરવામાં આવી રહી છે. પાકિસ્તાન એલઓસી પર સતત ગોળીબાર કરી રહ્યું છે. ગુરુવારે પણ પાકિસ્તાને નિયંત્રણ રેખા (LoC) પર ગોળા અને મોર્ટાર છોડ્યા હતા. ગુરુવારે મોટાભાગના લોકો સરહદી વિસ્તારો છોડીને સુરક્ષિત સ્થળોએ ગયા હતા. ભારતીય સેના પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપી રહી છે. આ પહેલા, ૬-૭ મેની રાત્રે, ભારતે મિસાઈલ હુમલામાં પાકિસ્તાનમાં હાફિઝ સઈદ અને મસૂદ અઝહરના આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો. આતંકવાદી મસૂદ અઝહરના પરિવારના ૧૦ સભ્યો પણ માર્યા ગયા છે.

## શહેરોના વિકાસ કાર્યો માટે મુખ્યમંત્રીએ ખોલ્યો ખજાનો

### નગરો-મહાનગરોમાં ૨૨૦૪.૮૫ કરોડ રૂપિયાના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી આપી છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અન્વયે શહેરો અને શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ સાથે "અર્નિંગવેલ લીવીંગવેલ"નો ધ્યેય સાકાર કરવા નગરો-મહાનગરોમાં ૨૨૦૪.૮૫ કરોડ રૂપિયાના કામોને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી સમક્ષ સંબંધિત મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળોએ સ્થાનિક જરૂરિયાત મુજબના વિકાસ કામો માટે સામાન્ય સભામાં મંજૂરી લઈને નાણાં ફાળવવાની કરેલી માંગણી અનુસાર મુખ્યમંત્રીએ આ રકમ ફાળવવાની અનુમતિ આપી છે. શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશક્તીકરણથી વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેના શહેરોના નિર્માણનો હેતુ વિકાસ કામોની આ સૈદ્ધાંતિક મંજૂરીઓમાં અભિપ્રેત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વિભાગના આ વર્ષના બજેટમાં ૨૦૨૪-૨૫ના ગત વર્ષના બજેટ કરતા ૪૦ ટકા વધારો કરીને ૩૦,૩૨૫ કરોડ રૂપિયા ફાળવ્યાં છે. તેમણે નાગરિક કેન્દ્રીત શહેરોના નિર્માણને કેન્દ્રસ્થાને રાખીને આ હેતુસર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકોમાંથી જે તે નગર-મહાનગરની જરૂરિયાત મુજબના કામો માટે નાણા ફાળવવા અનુમતિ આપી છે. મુખ્યમંત્રીએ શહેરી વિસ્તારોમાં સડકોના નિર્માણ માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૫૯૭.૭૩ કરોડ રૂપિયાના કામો મંજૂર કર્યા છે.

